સુવિચાર
ભાષા, ધર્મ, ઈતિહાસ અને સંસ્કાર એ માનવ સંસ્કૃતિને ઘડનારા પરિબળો છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૯/૦૮/૨૦૨૪, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર


# અમરેલી એક્સપ્રેસ


અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ શ્રાવણ સુદ-૫ વર્ષ : ૧૫ અંક : ૨૦૪



પથરી - પ્રોસ્ટેટ - કીડનીની તકલીફ ?
ફ્રી નિદાન કેમ્પ...
ફ્રી ઓપરેશન...
નોંધઃ હોસ્પિટલમાં સોનોગ્રાફી ફ્રિ કરી આપવામાં આવશે.
જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રિ આપવામાં આવશે.
Prostate Cancer
▪ કીડની ▪ પ્રોસ્ટેટ ▪ પથરી
નવજીવન જનરલ હોસ્પિટલ
ડો.જય માકડીયા
યુરોલોજીસ્ટ
તારીખ : ૧૦-૦૮-૨૦૨૪,શનિવાર
સમય બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૯૩૦૦૦


## અમરેલી પાલિકાનાં કર્મચારીઓ અને અધિકારીઓમાં દોડધામ

# ચીફ ઓફિસરની કચેરીનાં દરવાજે મરેલી માછલીઓનો ઢગલો થયો

કોઈ બે અજાણ્યા ઈસમો પ્લાસ્ટીક બેગમાં મરેલી માછલી ભરીને પ્રવેશતા હોય સીસીટીવી કેમેરામાં દ્રશ્ય કેદ

સફાઈ કામદારોનાં ચાલતા આંદોલનને લઈને કોઈ હિતશત્રુઓએ કારસ્તાન કર્યાની આશંકા

૧૫ દિવસથી સફાઈ કામદારોનું આંદોલન શરૂ હોવાથી પાલિકામાં ફફડાટ જોવા મળે છે

પાલિકાથી લઈને પાર્લામેન્ટ સુધી બીજેપીનું શાસન છતાં પણ આંદોલનમાં કોઈ સમાધાન થતું નથી



અમરેલી, તા. ૮

અમરેલી પાલિકા કચેરીનાં પટાંગણમાં ૧૫ દિવસથી સફાઈ કામદારો પ્રતિક ધરણા કરી રહ્યા છે. તેવા સમયે આજે પાલિકાનાં ચીફ ઓફિસરની પ્રથમ માળે આવેલ કચેરીનાં દરવાજાની બહાર લોબીમાં કોઈ બે અજાણ્યા ઈસમો પ્લાસ્ટીક બેગમાં ભરીને મરેલ માછલીનો ઢગલો કરી જતાં કર્મચારીઓ અને અધિકારીઓમાં દોડધામ મચી છે.

પાલિકા કચેરીમાં બપોરનાં રિશેષનાં સમયે કર્મચારીઓ અને અરજદારોની અવરજવર ઓછી હોય તે સમયે કોઈ અજાણ્યા બે ઈસમોએ પાલિકાનાં પ્રથમ માળે છાને પગલે પ્રવેશ કરેલ. જેમાં એક વ્યકિતનાં હાથમાં સિમેન્ટની ખાલી બેગમાં મરેલી માછલીઓ હોય જેનો ઢગલો ચીફ ઓફિસરની કચેરીની બહાર કરતાં હોય તેવું દ્રશ્ય સીસીટીવી કેમેરામાં કેદ થયું હતું. જો કે બાદમાં અન્ય કર્મીઓએ મરેલી માછલીઓ દૂર કરી હતી.

હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે, એ બે અજાણ્યા ઈસમોએ સફાઈ કામદારોનાં આંદોલનને ઉગ્ર બનાવવા માટે કે અન્ય કોઈ કારણોસર આવું અધમ કૃત્ય કર્યુ છે તેને લઈને તપાસ કરવી જરૂરી બની છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, સફાઈ કામદારો છેલ્લા ૧૫ દિવસથી પ્રતિક ધરણા કરતાં હોય પાલિકાથી લઈને પાર્લામેન્ટ સુધી બીજેપીનું એક ચક્રી શાસન છતાં પણ આંદોલનનો કોઈ અંત આવતો ન હોય શહેરીજનોમાં ભારે આશ્ચર્ય ફેલાયું છે.

## એક ભેંસ ચરતા-ચરતા પાણી ભરેલ તળાવમાં જતાં બહાર કાઢવા જતાં

# લાઠીનાં હીરાણા ગામે પશુ ચરાવવા ગયેલ ૩ બાળકો પૈકી ૨ પિતરાઈ ભાઈઓનું તળાવમાં ડૂબી જવાથી મોત

નાના એવા ગામમાં ૨ બાળકોનાં મોત થવાથી શોકનો માહોલ



અમરેલી તા.૮

ચાલુ વર્ષે ચોમાસામાં વરસાદ પ્રમાણમાં સારો થતાં નદી, નાળા, તળાવમાં પાણી હોય. ત્યારે લાઠી તાલુકાના હીરાણા ગામે પશુ ચરાવવા ગયેલા ત્રણ બાળકો પૈકી બે પિતરાઈ ભાઈઓનાં તળાવમાં ડુબી જવાના કારણે મોત નિપજતા ખોબા જેવડા ગામમાં ભારે અરેરાટી ફેલાઈ જવા પામી છે.

આ બનાવમાં જાણવા


અનુસંધાન પાના ૬ ઉપર



૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
61,950/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૦૮/૦૮/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઇવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



## પ્રદેશ કોંગ્રેસનાં મહિલા પ્રમુખ જેનીબેન ઠુંમરે મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

# શૈક્ષણિક સંકુલમાં મહિલાઓ પર થતાં અત્યાચાર શરમજનક

### આટકોટ ખાતે પાટીદાર સમાજની શૈક્ષણિક સંસ્થામાં બનેલ બનાવની તટસ્થ તપાસ જરૂરી

### આવા બનાવો અન્ય સંકુલમાં બનતા હોવાનું બિન સત્તાવાર રીતે પણ જાણવા મળ્યું

### રાક્ષસી પ્રવૃત્તિ માનસ ધરાવતાં લોકોને સમાજમાં ખુલ્લા પાડીને કડક સજા કરવી જરૂરી

### શૈક્ષણિક સંકુલ જેવા પવિત્ર સ્થળોએ મહિલાઓનું શોષણ થાય તે ચલાવી લેવાઈ નહી



અમદાવાદ, તા. ૮

ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસનાં પ્રમુખ જેનીબેન ઠુંમરે રાજયનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને ધગધગતો પત્ર પાઠવીને શૈક્ષણિક સંકુલોમાં મહિલાઓ પર અત્યાચાર બંધ કરાવવા માંગ કરી છે.

તેણીએ પત્રમાં જણાવેલ છે કે, તાજેતરમાં રાજકોટ જિલ્લાનાં આટકોટ ખાતે પાટીદાર સમાજની શૈક્ષણિક સંસ્થામાં દિકરીઓ ઉપર તેમની મજબુરીનો લાભ ઉઠાવી રાજકીય પદાધિકારીઓ સામાન્ય અને ગ્રામ્ય ગરીબ દિકરીઓનું શોષણ કરે છે. આવા બનાવો અનેક સંકુલોમાં બનતા બિનસત્તાવાર રીતે જાણવા મળ છે. આવી દિકરીઓ પોતાનું ભવિષ્ય અને આબરૂ જવાનાં ડરથી પોતાના ચારીત્ર ઉપર લાગેલો ડાગ છુપાવવાનાં પ્રયાસ કરે છે. આવી રાક્ષસી પ્રવૃત્તિ માનસ ધરાવતા લોકો તેની મજબુરીનો સતત ગેરલાભ લેતા હોય છે. ના છુટકે કોઈ મજબુત માનસ ધરાવતી દિકરી પોતાની, પોતાના કુટુંબની અને ભવિષ્યની ચિંતા કર્યા વગર ભાગ્યે જ બહાર આવતી હોય છે અને જે બહાર આવે છે તેને રાજકીય સંડોવણીના ભાગરૂપે કોઈના કોઈ રીતે પ્રકરણ દબાવવા માટેનો પ્રયાસ થાય છે. ભવિષ્યની આવી બાબતમાં "બેટી બચાવ" માટે નારા લગાવતી સરકારમાં આ ખૂબ જ ચિંતાનો વિષય બનતો જાય છે. ખાસ કરીને અમરેલી મહિલાઓ માટે પણ ખૂબ જ ગંભીર સમસ્યા બનતી જાય છે. ડ્રગ્સ, દારૂ, અસામાજીક પ્રવૃત્તિ અભ્યાસ કરતી દિકરીઓ તેમજ મહિલાઓની અસલામતી તે આપણી સંસ્કૃતિની વિરૂધ્ધનું કૃત્ય છે. સરકારની કેમ આંખ ઉઘડતી નથી તે બાબતે અમુક પ્રેસ મીડિયામાં તેમજ સામાજીક બેઠકો મળે ત્યારે ચર્ચાનો વિષય બને છે પરંતુ પરિણામ શૂન્ય છે. આ બાબતે ખૂબ જ ગંભીરતાપૂર્વક વિચારવાનો સમય પાકી ગયો છે અને તાતી જરૂરીયાત પણ છે. આ બાબતમાં ખૂબ જ ગંભીરતાપૂર્વક કોઈપણ ચમરબંધી હોય તો પણ તેને ખુલ્લા પાડી તેમની ઉપર કડકમાં કડક કાર્યવાહી કરવી જરૂરી બની છે. મુખ્યમંત્રી તરીકે આપ આગળ આવશો તેવી આશા રાખી રહી છું.

વધુમાં જણાવેલ છે કે, તંત્રમાં ભ્રષ્ટાચાર વ્યાપ્યો છે પોલીસ અને બ્યુરોક્રેટસ ૭૦% સાચી પ્રવૃત્તિ કરતા હશે અને નિયમ પ્રમાણે ચાલતા હશે પરંતુ અત્યારે છાશવારે એસીબીમાં પકડાતા તંત્રના અધિકારીઓ જે રીતે મસમોટો પગાર મેળવીને ભ્રષ્ટ આચરણ કરી રહ્યા છે તે બાબતે પણ ગંભીરતાપૂર્વક વિચારવું જરૂરી બઝયું છે. પોલીસ વિભાગનાં અમુક આઈએએસ અધિકારીઓની સારી કામગીરી છે ભ્રષ્ટાચાર કોણ કરે છે તે પણ તંત્ર જાણતું જ હશે પણ મૌન સેવી રહ્યું છે. આવા ભ્રષ્ટ અધિકારીઓને સાઈડ પોસ્ટ ઉપર મુકવા અને નિષ્ઠાવાળા અધિકારીઓ કદાચ રાજકીય રીતે આપણું ન માનતા હોય તો પણ મજબુત મનોબળ ધરાવતી વર્ષોથી આપની પક્ષની સરકાર ચાલી રહી છે ત્યારે ઠોષ નિર્ણયો કરવા જરૂરી બન્યા છે. આટકોટ તો એકમાત્ર દાખલો છે પરંતુ એક મહિલા રાજકીય આગેવાન તરીકે મારી સમક્ષ ન બોલવાની શરતે ખાનગીમાં અનેક રજૂઆતો આવતી રહે છે અને મારી પણ મજબુરી હોય છે ખાનગીમાં કરેલી રજૂઆતને તે મહિલાના ભવિષ્યને નુકસાન ન થાય તે રીતે તેમને મદદ કરવા માટેનાં પ્રયાસો કરીએ છીએ પરંતુ નિરંથક જતા હોય છે. તેવા તમામ સંજોગોને ધ્યાને લઈ આટકોટ બનાવની ગંભીરતાપૂર્વક તપાસ કરવા માટે તેમજ આવા બનાવો જે જગ્યાએ થોડા ઘણા પણ બહાર આવે ત્યાં ખાનગી રાહે ખૂબ જ ઊંડાણપૂર્વક તપાસ કરી આવા તત્વોને કડકમાં કડક સજા કરવા માટે જરૂરી યોગ્ય આદેશો કરશો તેમ અંતમાં જણાવેલ છે.

---

### બરવાળા બાવીસી ગામથી ભેંસની ચોરી થઈ હતી

## વડિયા પોલીસે ૪ માસ પહેલા ચોરાયેલ ભેંસ સાથે 3 આરોપીઓને દબોચી લીધા

### પોલીસ સ્ટેશનમાં ભેંસ માટે ચારા-પાણીની વ્યવસ્થા કરાઈ



તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ–વડિયા

અમરેલી, તા. ૮

વડિયાની ભાગોળે આવેલા બરવાળા બાવળનાં વિપુલભાઈ માલાણી દ્વારા વડિયા પોલીસમાં કરેલી ફરિયાદ મુજબ બરવાળા બાવળ ગામે આવેલી તેમની વાડીમાંથી કોઈ અજાણ્યા શખ્સો તેમની વાડીએ બાંધેલી બે ભેંસો ચોરી કરી લઈ ગયેલા હોય આ ફરિયાદ મુજબ વડિયા પોલીસે અજાણ્યા શખ્સો સામે તા. ૬/૭/૨૦૨૪ ના રોજ ફરિયાદ નોંધી તેમની તપાસ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન મુજબ શરૂ કરી હતી ટેકનિકલ સોર્સના આધારે ત્રણ શંકાસ્પદ શખ્સોની પુછપરછ કરી હતી. જે શખ્સોમાં (૧) પરેશ વિઠ્ઠલભાઈ પાનસુરીયા રહે. બરવાળા બાવળ (૨) સાગર ચુનીલાલ ગોહેલ રહે.ચાંપરાજપુર, તા.જેતપુર (૩) અરવિંદ દેવશીભાઈ મકવાણા (ટોળીયા) રહે.ભોજધાર, જેતપુરએ ચોરી કર્યાનો ગુનો કબુલ કર્યો હતો. આ કબુલાતનાં આધારે આ શખ્સો વિરૂદ્ધ કાર્યવાહી કરવા અને મુદામાલ બે ભેંસોનું કયાં વેચાણ કરેલ છે. તેની તપાસ કરતા બંને ભેંસોમાંથી એક ભેંસ ચોટીલા પાસેનાં ઔરયામાં વેંચાણ કરેલ હોય જયારે બીજી ભેંસ ખંભાત પાસેનાં એરિયામાં વેચાણ કરેલ હોય તેને પરત લાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. જેમાંથી ચોટીલા ખાતે વેચાયેલી ભેંસ ચોરાયા બાદ વિહાતા તેને પારૂ સાથે વડિયા પોલીસ સ્ટેશન પરત લાવવામાં આવી હતી. ત્યારે વડિયા પોલીસ સ્ટેશનમાં મુદામાલ તરીકે ભેંસ અને તેના પારૂ ચારા અને પાણીની સુવિધાઓ સાથે બાંધેલા જોવા મળ્યા હતા. બીજી ભેંસને પણ ખંભાતથી પરત લાવવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. તે ભેંસ પણ ટુંકાગાળામાં વડિયા પોલીસ સ્ટેશન ખાતે આવનાર છે. પોલીસની આ કામગીરીમાં વડિયા પી.એસ.આઈ. ગળચરનાં માર્ગદર્શન નીચે વડિયા પોલીસમાં અશોકસિંહ કાછેલા, અભેસિંહ મોરી અને આંબાલાલ વરૂએ સમગ્ર કેસ ઉકલ્યો હતો. વડિયા પોલીસની આ સરાહનીય કામગીરીથી ખેડૂતોના મહેનતની કમાણીથી લીધેલા કિંમતી પશુઓ પરત શોધી લાવતા ખેડૂતોમાં ખુશી વ્યાપી હતી. જોકે આ વિસ્તારમાં સક્રિયા બનેલી આ ચોર ટોળકી પર કડક કાર્યવાહી કરી તેને કાયદાનું ભાન કરાવવા પણ લોક માંગણી જોવા મળી રહી છે.

---

## વડેરાની શાળામાં બાળકોનાં આરોગ્યની ચકાસણી કરાઈ

અમરેલી, તા. ૮

વડેરા જનતા વિદ્યાલય ખાતે આયુષ્યમાન આરોગ્ય મંદિર દ્વારા રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થય કાર્યક્રમ અંતર્ગત બાળકોના વજન, ઉંચાઈ, બીએમ આઈ, અને હિમોગ્લોબિનની તપાસ કરવામાં આવેલ તથા આરોગ્ય શિક્ષણ આપવામાં અવેલ. તથા દરેક બાળકોને પોષ્ટીક નાસ્તો અને પ્રોત્સાહક ભેટ આપવામાં આવેલ. આ તકે વડેરા જનતા વિદ્યાલયના આચાર્ય મુકુંદભાઈ મહેતા, અરોગ્ય સ્ટાફ સી એચ ઓ સપનાબેન રાણવા, એફ એચ ડબલ્યુ કે.બી.દુધાત, એમ.પી.એચ.ડબલ્યુ ડી.જી.રાજયગુરૂ, આશા બહેનો બીલકીસબેન તથા કાજલબેન અને જનતા વિદ્યાલયના શિક્ષકોનો સ્ટાફ ઉપસ્થિત રહેલ.

---

### 'હૈયા બાળવા કરતા હાથ બાળવા સારા' કહેવત સાર્થક

## લીલીયામોટા : અક્ષર અને વિવેકાનંદ સોસાયટીનાં રહેવાસીઓએ સ્વખર્ચે માર્ગની મરામત કરાવી

### જવાબદાર વિભાગ દ્વારા માર્ગની મરામત કરવામાં ન આવી



લીલીયા મોટા, તા. ૮

લીલીયા શહેરનાં રોડ રસ્તા અતિ ખરાબ હોવાનાં કારણે રાહદારીઓ અંગે વાહન ચાલકો હેરાની પરેશાન થઈ રહયા છે. તેવા સમયે અક્ષર સોસાયટી અને વિવેકાનંદ સોસાયટીના રહીશોએ સ્વખર્ચે લેઉવા પટેલ છાત્રાલયથી અક્ષર સોસાયટી સુધી ૪૦ જેટલા ચોરસના ટ્રેકટર નખાવી રસ્તો રીપેર કરાવ્યો આ તકે લોકોમાં જવાબદાર તંત્રનાં સતાધીશો સામે રોષ જોવા મળી રહયા હતા. અક્ષર સોસાયટીના પ્રમુખ સોળીયા, પી.એમ. રાખસિયા, મેરામભાઈ ગરણીયા, જીવનભાઈ બુહા, જયંતીભાઈ બુહા, ઉજાભાઈ શિંગાળા, સુનીલભાઈ આચાર્ય સહીતનાં લોકો આ કામગરીમાં જોડાયા હતા.

---

## અમરેલી શહેર પોલીસ દ્વારા તિરંગા વિતરણ કાર્યક્રમ યોજાયો



અમરેલી તા. ૮

અમરેલી ડી. વાય. એસ. પી. ચિરાગકુમાર દેસાઈ, ડીવાયએસપી એ. જી. ગોહિલ, સિટી પી. આઈ. એ. એમ. પરમાર, પી. એસ. આઈ એચ. જી. મારૂની અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાયો હતો.

અમરેલી શહેર પોલીસ દ્વારા અમરેલીના જુદા જુદા વિસ્તાર જેવા કે એસ. ટી. ડેપો, નાગનાથ મંદિર રાજકમલ ભીડભંજન ચોક ખાતે થી અમરેલી શહેરના રહીશો વેપારી મિત્રોને તિરંગા વિતરણ કરાયા હતા.

---

### ૨ વર્ષ બાદ બઘડાટી બોલી

## દામનગરમાં ગ્રીલનું મશીન આપીને પરત લીધા બાદ બોલાચાલી અને મારામારી

અમરેલી, તા. ૮

દામનગર ગામે રહેતા ચંદ્રેશભાઈ અરવિંદભાઈ ચૌહાણે તે જ ગામે રહેતા નિંકુજભાઈ મુકેશભાઈ ચૌહાણ નામનાં આરોપીને બે વર્ષ પહેલા પોતાનું ગ્રીલનું મશીન આપેલ હોય અને દસેક દિવસ વાપરીને આરોપીએ પરત આપી દીધેલ હતું. આ બાબતે ચંદ્રેશભાઈ અન્ય કોઈ વ્યકતિને આ બાબતે વાત ચીત કરતા હોય. જેથી આરોપીને સારૂ ન લાગતા ચંદ્રેશભાઈને પોતાની દુકાને બોલાવી તેની સાથે બોલાચાલી કરી ગાળો આપતા ચંદ્રેશભાઈએ ગાળો આપવાની ના પાડતા આરોપીને સારૂ નહી લાગતા એકદમ ઉશ્કેરાઈ પોતાની દુકાનમાં રહેલ લોંખડનો ઘણ લઈને માથામાં કપાળના ભાગે મારી ગંભીર ઈજા કરી તથા પીઠ ઉપર પાટુ મારી ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

---

### આધાર કાર્ડ સહિતની કામગીરી કરતા

## કુંકાવાવ-વડિયાનાં કોન્ટ્રાકટ ઓપરેટરનો પગાર કાપી નખાતાં નારાજગી ઉભી થઈ

### તાલુકા પંચાયતના વિપક્ષી નેતાએ કરી રજૂઆત

કુંકાવાવ, તા. ૮

કુંકાવાવ-વડીયા તાલુકાના કોન્ટ્રાક પધ્ધતીની ઓપરેટર તરીકે કામગીરી કરતા યુવાનોએ પગાર અટકાવયો અને ભૂલની પેનલ્ટી તરીકે હજારો રૂપીયા ચૂકવવાના થતા ગેરકામગીરીના કારણે રાજીનામુ આપી રહ્યા છે. જેના કારણે આધારકાર્ડની મહત્વની કામગીરી ખોરવાઈ રહી છે. જયારે કર્મચારીના પથી ૬ માસનાં પગાર પણ એજન્સી પાસે બાકી છે. જેની મજબુરીથી કામ કરવુ પડે તેવી સ્થિતિ નિર્માણ થઈ છે. અને આવી આધારકાર્ડની કામગીરી ઠપ્પ થતા લોકોને મુશ્કેલીનો સામનો વેઠવો પડે છે. ત્યારે આ બાબતે તા.પં.નાં વિપક્ષી નેતા મનસુખભાઈ ગોંડલીયાએ મુખ્ય મંત્રી અને જીલ્લા વિકાસ અધિકારીને પત્ર લખીને કર્મચારીઓના પગાર નહી કાપવા તેમજ ભૂલની પેનલ્ટી નહી વસુલવા રજૂઆત કરી છે.

---

# અમરેલી : ગજેરા કેમ્પસનાં ખેલાડીઓ ૬૮મી SGFI ની જિલ્લાકક્ષા હેન્ડબોલ સ્પર્ધામાં ઝળકયા









અમરેલી શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસ ખાતે અમરેલી જિલ્લાકક્ષા સ્કુલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા હેંડબોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ જેમાં શ્રીમતી એસ.એચ.ગજેરા સ્કૂલ, જ્ઞાન શકિત, રે. સ્કૂલ ઓફ એકસેલન્સ અને જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ તેમજ અમરેલી જિલ્લાની અન્ય શાળાઓમાંથી ભાઈઓ તથા બહેનો એમ બંને માટે અલગ અલગ સ્પર્ધાનું આયોજન કરેલ જેમાં બહોળી સંખ્યામાં સ્પર્ધકોએ ભાગ લીધેલ હતો. આ કાર્યક્રમમાં કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી, જિલ્લા રમત વિકાસ અધિકારી પૂનમબેન ફૂમકીયા તેમજ ગુજરાત વ્યાયામ મંડળના પ્રમુખ ઉપસ્થિત રહયા હતા. અખિલ ભારતીય શાળાકીય અમરેલી જિલ્લા કક્ષા હેન્ડબોલ સ્પર્ધામાં વીનર ટીમ U-14 ભાઈઓ ચેમ્પિયન DLSS ટીમ (પ્રથમ નંબર) અને U-14 બહેનો ચેમ્પિયન DLSS ટીમ (પ્રથમ નંબર) મેળવેલ, U-14 ભાઈઓ જ્ઞાનશકિત ટીમ (તૃતીય નંબર) અને U-14 બહેનો જ્ઞાનશકિત ટીમ (તૃતીય નંબર) મેળવેલ U-19 ભાઈઓ ચેમ્પિયન DLSS ટીમ (પ્રથમ નંબર) અને U-19 ભાઈઓ ચેમ્પિયન DLSS ટીમ (પ્રથમ નંબર) પર વીન થયેલ, નોધનિય કે શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસમાં રમત ગમત માટે દરેક વિદ્યાર્થીને સ્પોર્ટ્સમાં મહત્વનું પ્લેટફોર્મ પુરૂ પાડવામાં આવે છે. વિજેતા તમામ ખેલાડીઓને સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મંત્રી મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ અભિનંદન પાઠવ્યા હતા.

## પવનચક્કીનાં સંચાલકો મનફાવે તે રીતે વીજપોલ ઉભા કરી દેતા હોવાથી

# બાબરા પંથકની ભૂમિ ''પવનચક્કી''નાં ચક્રવ્યુહમાં ફસાઈ ગઈ

**સમઢીયાળા સહિતનાં ગામોમાં ગૌચર જમીનમાં પણ ગેરકાયદેસર રીતે વીજપોલ ઉભા કરી દીધાનો આક્ષેપ**

**સરપંચ અને પંચાયતનાં સદસ્યો ગૌચર ખુલ્લું કરાવવા માંગ કરે છતાં કોઈ સાંભળતું નથી**

**પશુપાલકોને પશુઓને ચરિયાણ માટે લઈ જવામાં ડરનો અનુભવ થઈ રહ્યો છે**

**ગેરકાયદેસર ઉભી કરવામાં આવેલ પાવનચક્કી દૂર કરવામાં ન આવે તો મામલો કોર્ટમાં લઈ જવાની ચીમકી**


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૮

બાબરા તાલુકામાં હજારોની સંખ્યામાં પવનચક્કીઓ ઊભી કરવામાં આવી છે તો તેની સામે પવનચક્કીમાંથી પાવર લઈ જવા માટે લાખોની સંખ્યામાં વીજ પોલ ઉભા કરી દેવામાં આવ્યા છે. આ વીજપોલ એટલી હદે પાંચાળ વિસ્તારમાં ઉભા કરવામાં આવ્યાં છે એની કોઈ સીમા નહિ. પાંચાલ વિસ્તારની ગૌચર જમીનને વીજ પોલથી વીંધી નાખી છે. ચારે બાજુ નજર કરવામાં આવે તો ચારે બાજુ પવનચક્કીના વીજપોલ દેખાય છે.

પાંચાલ વિસ્તારમાં મોટાભાગના પશુપાલકો રહે છે આ પશુપાલકો પોતાના માલ ઢોરને વર્ષોથી પાંચાલ વિસ્તારમાં આવેલ હજારો વીઘા ગૌચરમાં ચરાવવા જતાં હતા. પણ અત્યારે જયાં જુઓ ત્યાં વીજપોલની અને તેના તારની હારમાળા દેખાય રહી છે અને પશુપાલકો પણ પશુઓને લઈને જતાં ડરી રહ્યા છે. કારણ કે કયારે આ ઉભા કરેલા વીજપોલમાં તિખારા જણે અને પશુ ઉપર પડે તેવી બીકથી પશુપાલકો ડરી રહ્યા છે.

બાબરા તાલુકાના સમઢીયાળા ગામે આવેલ સો વીઘા જેટલા ગૌચરમાં આડેધડ ૨૦૦થી ૩૦૦ જેટલા વીજપોલ પવનચક્કીના કોન્ટ્રાકટરો દ્વારા ઊભા કરી દેવામાં આવ્યા છે. સમઢીયાળા ગ્રામ પંચાયત દ્વારા છેલ્લા કેટલાય મહિનાઓથી આ બારાની ફરિયાદ કરી રહ્યા છે તેમ છતાં કોઈ પણ જવાબદાર વ્યકિત તપાસ કરતું નથી. સમઢીયાળા ગ્રામ પંચાયતના સરપંચ ડી.એચ. સુસરાએ જણાવ્યું હતું કે, ગામમાં આવેલ ૧૦૦ વીઘા થી પણ વધારે ગૌચર આવેલું છે એ ગૌચર કાયદેસર પંચાયતમાં ચોપડે ચડેલું છે. તેમ છતાં પણ આ પવનચક્કીની કંપનીઓ દ્વારા આ ગૌચરમાં આડેધડ વીજપોલ ખડકી દેવામાં આવ્યા છે. પંચાયતની બોડી દ્વારા છેલ્લા કેટલાય મહિનાઓથી જુદી જુદી કચેરીઓમાં રજૂઆત કરવામાં આવી છે તેમ છતાં પણ આ વીજપોલને કોઈ કાઢવાની વાત તો જુદી પણ અડવાની વાત પણ નથી કરતા.

સમઢીયાળાનાં સરપંચે જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં જે લોકોએ વીજપોલ ઉભા કર્યા છે તેમની સામે કાર્યવાહી નહીં કરવામાં આવે તેમજ જે વીજપોલ ગૌચર જમીનમાં ઊભા છે એ કાઢવામાં નહિ આવે તો કોર્ટના શરણે જઈને હકકની લડાઈ લડીશું.

તંત્ર દ્વારા ગૌચરમાં ઊભા કરેલા વીજપોલને હટાવવાની કામગીરી કરશે એવા સવાલો ગામ લોકો અને પુરી ગ્રામ પંચાયતની બોડી કરી રહી છે.

---

### મિત્રને મળવા જતાં મોત આંબી ગયું

## રાજુલાનાં નાની ખેરાળી ગામની વાડીનાં કૂવામાં અંધારામાં પડી જવાથી યુવકનું મોત થયું

**સ્થાનિક પોલીસે નિયમાનુસાર કાર્યવાહી કરી**

અમરેલી, તા. ૮

મધ્યપ્રદેશના વતની અને હાલ રાજુલા તાલુકાના નાની ખેરાળી ગામે (ગોવિંદડી) વણોટ જવાના કાચા રસ્તે આવેલ માધાભાઈ જીંજાળાની વાડીએ રહેતા વિક્રમસિંગ માનસિંગ ગેહલોત નામનાં ૩૫ વર્ષિય યુવક ગત તા. ૬ ના રાત્રીના ૯ વાગ્યાથી તા. ૭ ના સવારે ૧૦:૩૦ વાગ્યાના કોઈપણ સમય દરમ્યાન તેના મિત્ર કરણભાઈ દેસાઈએ નાની ખેરાળી ગામે ભાગથી વાવવા રાખેલ મંગળભાઈની વાડીએ આવેલ મકાને ચાલીને જમવા જતા હતા. તે વખતે વિક્રમસિંગ ગેહલોતને મંગળભાઈની વાડીમાં આવેલ ખુલ્લો કુવો અંધારામા નહી દેખાતા તે અકસ્માતે મંગળભાઈની વાડીમાં આવેલ કુવામાં પડતા કુવામાં રહેલ પાણીમાં વિક્રમસિંગ ગેહલોત ડુબી જવાથી મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

---

### પ્રમુખ તરીકે દીપકભાઈ કોઠીવાલ સહિતના હોદ્દેદારોની નિયુકિત

## બાબરા તાલુકા પ્રાથમિક શૈક્ષણિક સંઘના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરાઈ

**નવ નિયુક્ત હોદ્દેદારોએ ટીપીઓની શુભેચ્છા મુલાકાત કરી**


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૮

બાબરા તાલુકા પ્રાથમિક શૈક્ષણિક સંઘની એક બેઠક મળી હતી જેમાં આગામી વર્ષો માટે સંઘના નવા હોદેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

બાબરા તાલુકા પ્રાથમિક શૈક્ષણિક સંઘના પ્રમુખ તરીકે દીપકભાઈ કોઠીવાળા, મહામંત્રી રજનીભાઈ કોરાટ, સંગઠન મંત્રી જીતુભાઈ તળાવીયા, કોષા અધ્યક્ષ અતુલભાઈ નાકરાણી, અને મીડિયા કન્વીનર વિપુલભાઈ ત્રિવેદીની સહિતના અન્ય હોદેદારોની સરવાનું મતે વરણી કરવામાં આવતા બાબરા શહેર સહિત તાલુકાના પ્રાથમિક શાળા ના શિક્ષકો દ્વારા તમામ નવ નિયુકત હોદેદારોને શુભેચ્છાઓ પાઠવી હતી. તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના નવ નિયુકત પ્રમુખ દીપકભાઈ કોઠીવાલના નેતૃત્વમાં તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીની શુભેચ્છા મુલાકાત કરી હતી.

---

### પવિત્ર શ્રાવણ માસમાં

## બાબરામાં શ્રી વડલીવાળી મેલડીમાંને મહાદેવનો અનુપમ શણગાર કરાયો

**ભાવીકોએ દર્શન કરી ધન્યતા અનુભવી**


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૮

બાબરામાં શ્રી વડલીવાળી મેલડીમાં મંદિરે નિત્ય શણગાર માતાજીને કરવામાં આવે છે માતાજી પરમ ઉપાસક રાજુભાઈ જેઠવા દ્વારા અહીં વિશેષ તહેવારો તેમજ દિવસો પર માતાજીને અનુપમ શણગાર કરવામાં આવે છે.

પવિત્ર શ્રાવણ માસ શ્રી વડલીવાળી મેલડીમાંને સદાશિવ શંભુ કૈલાસપતિનો દિવ્ય અને અનુપમ શણગાર કરવામાં આવતા અહીં દર્શને આવતા ભાવિકોએ દર્શન કરી ધન્યતાની લાગણી અનુભવી હતી.

---

### એસ.પી. ની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

## વીજપડીમાં કારમાંથી વિદેશી દારૂની ૨૪૦ બોટલને પોલીસે ઝડપી લીધી

**કાર સહિત રૂપિયા ૨.૯૪ લાખનો મુદ્દામાલ જપ્ત**

અમરેલી, તા. ૮

સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. પી. એલ. ચૌધરીની રાહબરી હેઠળ સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના વીજપડી આઉટ પોસ્ટની ટીમ વીજપડી વિસ્તારમાં પેટ્રોલીંગ હોય, તે દરમ્યાન બાતમી રાહે હકિકત મળેલ કે વિજપડી ગામે હસની ચોક પાસે રહીમભાઈ અલારખભાઈ ખોખરના રહેણાંક મકાન પાસે શેરીમાં એક સફેદ કલરની ફોરવ્હીલ કાર રજી. નંબર જી.જે.–૦૧ એચઆર ૫૩૫૪માં પરપ્રાંતનો વિદેશી દારૂ ભરેલ હાલતમાં પડેલ હોવાની બાતમી મળતા જે બાતમીના આધારે ફોરવ્હીલ વાહનમાં તપાસતા ડ્રાઈવરની સીટ પર તથા પાછળની સીટ ઉપર એક સરખી બ્રાન્ડની કંપની સીલ પેક પર–પ્રાંતની વિદેશી દારૂની બોટલો રાખેલ હોય જે ભારતીય બનાવટની વિદેશી દારૂની ૭૫૦ એમ.એલ. ની બોટલ નંગ ૨૪૦ કિંમત રૂપિયા ૯૪,૮૦૦ તથા એક મારૂતી સુઝુકી સ્વીફ્ટ કાર જેના રજી.નંબર જી.જે.–૦૧ એચઆર ૫૩૫૪ કિંમત રૂપિયા ૨,૦૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૨,૯૪,૮૦૦ના મુદામાલ સાથે ઝડપી લઈ કાર રજી નંબર જી.જે.–૦૧ એચઆર ૫૩૫૪ના ચાલક સહિતના ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.




પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

શ્રાવણ માસ નિમિત્તે...
ફરાળી વાનગીઓનો રસથાળ
ટોપરાપાક | શીંગપાક | માવાના પેંડા
દર સોમવારે ગરમાગરમ ફરાળી પેટીસ મળશે
ફરાળી ચેવડો
બટેટા વેફર્સ | કેળા વેફર્સ | દુધીનો હલવો
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૭૪૨૬૪ ૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫












### વક્ફ બોર્ડ સંશોધન બિલ ગૃહમાં રજૂ કરતા જ મચ્યો હોબાળો

# કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ લોકસભામાં વક્ફ એક્ટમાં સુધારો કરવા માટેનું બિલ રજૂ કર્યું

## રિજિજુએ વક્ફ બિલને જેપીસીમાં મોકલવાનો પ્રસ્તાવ મૂક્યો, સ્પીકરે કહ્યું - હવે સમિતિ બનાવીશું : JDU બાદ શિવસેના (શિંદે)એ પણ બિલને સમર્થન આપ્યું

નવી દિલ્હી, તા.૮

સંસદમાં સરકાર તરફથી આજે વક્ફ બોર્ડમાં સુધારાની માગ કરતું બિલ રજૂ કરવામાં આવ્યું છે. સંસદીય કાર્ય અને લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુ દ્વારા વક્ફ એક્ટ ૧૯૯૫માં સુધારા માટે વક્ફ (સુધારા) બિલ ૨૦૨૪ અને મુસ્લિમ વક્ફ એક્ટ ૧૯૨૩ને સમાપ્ત કરવા માટે મુસ્લિમ વક્ફ (રિપીલ) બિલ ૨૦૨૪ લોકસભામાં રજૂ કરાયું. તેના પર સંસદમાં સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચે ચર્ચા કરવામાં આવી હતી.

કિરેન રિજિજુએ કહ્યું કે અમે પ્રસ્તાવ મૂકીએ છીએ કે વક્ફમાં સુધારા અંગેનું બિલ જોઈન્ટ પાર્લામેન્ટ કમિટીને મોકલી દેવામાં આવે. તેના પર સ્પીકરે કહ્યું કે હાં અમે જલદી જ સમિતિ બનાવીશું. અસદુદ્દીન ઓવૈસીએ આ મામલે ડિવિઝનની માગ કરી હતી. જેની સામે સ્પીકરે કહ્યું કે તેના પર ડિવિઝન કેમ માગો છો? ત્યારબાદ ઓવૈસીએ કહ્યું કે અમે તો શરૂથી ડિવિઝનની માગ કરી રહ્યા છીએ.

કેન્દ્ર સરકાર વતી કિરેન રિજિજુએ કહ્યું કે અમે ભાગીશું નહીં. આ બિલ અહીં પાસ કરી દો. તેના પછી તેમાં જે પણ સ્ક્રૂટિની કરવી હોય અમે તેના માટે તૈયાર છીએ. આ બિલ તમે સંયુક્ત સંસદીય સમિતિને મોકલી દો. દરેક પક્ષના સભ્યોને એ કમિટીમાં સામેલ કરો, જે પણ સ્ક્રૂટિની કરવી હોય તેના માટે અમે તૈયાર છીએ. આ સાથે કિરેન રિજિજુએ મુસ્લિમ વક્ફ રિપીલ બિલ રજૂ કર્યું હતું.

એવું જાણવા મળ્યું છે કે જે હેતુ માટે ૧૯૯૫નો વક્ફ સુધારો લાવવામાં આવ્યો હતો તે હેતુ પૂરો થઈ રહ્યો નથી. તેમાં ઘણી ખામીઓ જોવા મળી છે. એ સુધારાથી ઈચ્છા પ્રમાણેના લક્ષ્યો પ્રાપ્ત ન થયા એટલે આજે આ બિલ લાવવામાં આવ્યું છે. આપણે બધા ચૂંટાયેલા પ્રતિનિધિઓ છીએ. આ બિલનું સમર્થન કરો, તમને કરોડો લોકોના આશીર્વાદ મળશે. કેટલાક લોકોએ વક્ફ બોર્ડ પર કબજો કરી લીધો છે. ગરીબોને ન્યાય મળ્યો નથી. ઈતિહાસમાં આ વાત નોંધાશે કે કોણે આનો વિરોધ કર્યો.

કિરેન રિજિજુએ કહ્યું કે આ બિલનો વિરોધ કરતી વખતે વિપક્ષ દ્વારા આપવામાં આવેલી દલીલો ક્યાંય ટકતી નથી. આ બિલમાં બંધારણની કોઈ જોગવાઈનો ભંગ કરવામાં આવ્યો નથી. આ બિલ કોઈના અધિકારો છીનવી લેવા માટે લાવવામાં આવ્યું નથી, પરંતુ જે લોકો વંચિતોને ન્યાય આપવા માટે લાવવામાં આવ્યું છે. તેમણે સુપ્રીમ કોર્ટના નિર્ણયનો પણ ઉલ્લેખ કર્યો. ભારત સરકારને બિલ લાવવાનો અધિકાર છે. વકફમાં સુધારા અંગેના બિલ બ્રિટિશ યુગથી આઝાદી પછી ઘણી વખત રજૂ કરાયા. આ કાયદો સૌપ્રથમ ૧૯૫૪માં લાવવામાં આવ્યો હતો, ત્યારબાદ તેમાં ઘણા સુધારા કરવામાં આવ્યા છે. આજે અમે જે સુધારો લાવવા જઈ રહ્યા છીએ તે વકફ એક્ટ ૧૯૫૫ છે જેમાં ૨૦૧૩માં સુધારો કરવામાં આવ્યો હતો અને તેમાં એવી જોગવાઈ દાખલ કરવામાં આવી હતી જેના કારણે અમારે આ સુધારો લાવવો પડ્યો છે. ૧૯૫૫ના વકફ સુધારામાં જે પણ જોગવાઈઓ લાવવામાં આવી હતી, લોકોએ તેને જુદી જુદી રીતે જોઈ. JDU બાદ શિવસેના (શિંદે)એ પણ બિલને સમર્થન આપ્યું છે. શ્રીકાંત શિંદેએ બિલને સમર્થન કરતા કહ્યું કે 'આ બિલનો વિરોધ કેટલાક લોકો જાતિ, ધર્મના નામ પર કરી રહ્યા છે. આ બિલનો હેતુ પારદર્શિતા અને જવાબદારી છે. વિરોધ પક્ષ બિલને લઈને ભ્રમ ફેલાવવાનો પ્રયત્ન કરી રહી છે.' શિંદેએ વધુમાં સવાલ પૂછ્યો કે તમારે અલગ કાયદાની જરૂર કેમ છે? મહારાષ્ટ્રમાં જ્યારે તેમની સરકાર હતી ત્યારે શિરડી અને અન્ય મંદિરો અંગે સમિતિ રચવાનું કામ થયું હતું. ત્યારે તેમને બિનસાંપ્રદાયિકતા યાદ આવી ન હતી.'લોકસભામાં સત્તા પક્ષ-વિપક્ષની જોરદાર ચર્ચા ચાલી રહી છે. ત્યારે મિયાં અલ્તાફ અહેમદે કહ્યું છેકે 'ભારત દેશ સમગ્ર વિશ્વમાં ધર્મનિરપેક્ષતા માટે જાણીતો છે. આ બિલ લાવીને સરકાર દેશની છબી ખરાબ કરી રહી છે.' તો આંધ્ર પ્રદેશના YSRCP સાંસદ મિધુન રેડ્ડીએ પણ બિલનો વિરોધ કરીને કહ્યું છેકે 'અમે ઓવૈસીની ચિંતાઓ સાથે સહમત છીએ.'

આ બિલનો વિરોધ કરતા ઈમરાન મસૂદે સંસદમાં કહ્યું કે 'આ બિલથી બંધારણના ધજાગરા ઉડાવવાનું કામ થઈ રહ્યું છે. વક્ફ બોર્ડ તમામ મસ્જિદોનું સંચાલન કરે છે. વક્ફ બોર્ડ પાસે દેશમાં આઠ લાખ એકરની પ્રોપર્ટી છે. તમે વકફની જમીનોને અતિક્રમણમાંથી મુક્ત કરવા માટે પગલાં ભર્યા હોત.'

અખિલેશ યાદવે કહ્યું કે આ બિલ એકદમ સમજી વિચારેલા કાવતરાં હેઠળ રજૂ કરાયું છે. વક્ફ બોર્ડમાં બિન મુસ્લિમોને સામેલ કરવાનો શું ઉદ્દેશ્ય છે? ઈતિહાસ વાંચો, એક જિલ્લાધિકારી હતા તેમણે શું-શું કર્યું તે આપણે બધા જાણીએ છીએ. લઘુમતીઓના અધિકારો છીનવાઈ રહ્યા છે. અખિલેશ યાદવે આ દરમિયાન લોકસભા અધ્યક્ષને સંબોધતા કહ્યું કે તમારા પણ અધિકારો છીનવાઈ રહ્યા છે. તેના પર ગૃહમાં બિરાજિત ગૃહમંત્રી અમિત શાહ ભડકી ગયા હતા અને તેમણે અખિલેશ યાદવને કહી દીધું કે તમે ગોળ ગોળ વાતો ના કરશો. તમે અધ્યક્ષના અધિકારોના સંરક્ષક નથી.

અસદુદ્દીન ઓવૈસીએ નિયમ ૭૨ (૨) હેઠળ બિલ રજૂ કરવાનો વિરોધ કરતાં કહ્યું કે આ બંધારણની મૂળ ભાવના પર હુમલો છે. હિન્દુઓ વિશે ઓવૈસીએ કહ્યું કે એક હિન્દુ તરીકે તમે દીકરી કે દીકરાને તમારી આખી સંપત્તિ આપી શકો છો પણ અમે મુસ્લિમ તરીકે એક તૃતીયાંશ જ આપી શકીએ છીએ. હિન્દુ સંગઠન અને ગુરુદ્વારા મેનેજમેન્ટ કમિટીમાં કોઈ અન્ય ધર્મની વ્યક્તિ સામેલ થતી નથી તો વકફમાં કેમ? આ બિલ હિન્દુ-મુસ્લિમો વચ્ચે ભેદભાવ કરે છે. વક્ફ પ્રોપર્ટી પબ્લિક પ્રોપર્ટી નથી. આ સરકાર દરગાહ અને અન્ય સંપત્તિઓ લઈ લેવા માગે છે. સરકાર કહે છે કે અમે મહિલાઓને આપી રહ્યા છીએ. અમને વિશ્વાસ છે કે તમે બિલ્કિસ બાનો અને જકિયા જાફરીને સભ્ય બનાવશો. સત્તા પક્ષ સામે નિશાન તાકતાં અખિલેશે કહ્યું કે તમે દેશને વિભાજિત કરવાનું કામ કરી રહ્યા છો. તમે મુસ્લિમોના દુશ્મન છો.

કેરળથી મુસ્લિમ લીગના સાંસદ મોહમ્મદ બશીરે આ બિલનો વિરોધ કરતાં કહ્યું કે સરકાર અન્યાય કરી રહી છે. સરકાર આ બિલના માધ્યમથી સિસ્ટમની હત્યા કરી રહી છે. હિન્દુ-મુસ્લિમ કરવામાં આવી રહ્યું છે. અમે દેશને ખોટી દિશામાં નહીં જવા દઈએ. સુપ્રિયા સૂળેએ વક્ફ બિલ પર સરકારને ઘેરતાં કહ્યું કે સરકારની એક નવી કાર્યપ્રણાલી દેખાઈ રહી છે. તે સંસદથી પહેલા મીડિયાને જણાવે છે. આ બિલની જાણકારી અમને મીડિયાથી મળી. આ મામલે સ્પીકર ઓમ બિરલાએ કહ્યું કે આ બિલ સર્ક્યુલેટ કરાયો છે. ૬ તારીખે લોકસભા પોર્ટલ પર તેને સર્ક્યુલેટ કરી દેવાયું હતું. તેના પર સંસદીય કાર્યમંત્રી કિરેન રિજિજુએ કહ્યું કે બિઝનેસ એડવાઈઝરી કમિટીમાં પણ તેના પર ચર્ચા થઈ હતી. સુપ્રિયા સૂળેએ આ દરમિયાન બાંગ્લાદેશની ઘટનાનો ઉલ્લેખ કર્યોઅ ને કહ્યું કે આ બિલ હાલના સમયે જ કેમ લવાયું? વક્ફ બોર્ડમાં એવું તો શું થયું છે કે આ બિલ અત્યારે જ લાવવાની જરૂર પડી?

કેન્દ્રીયમંત્રી લલન સિંહે સંસદમાં વક્ફ બિલનું સમર્થન કર્યું છે. લલન સિંહે વિપક્ષ પર વળતો પ્રહાર કરતાં કહ્યું કે આ બિલ મુસ્લિમો વિરુદ્ધ નથી. તે મંદિરની વાત કરે છે, અહીં મંદિરની વાત ક્યાં આવી? કોઈપણ સંસ્થા જ્યારે નિરંકુશ થશે તો સરકાર તેના પર અંકુશ લાદવા માટે પારદર્શકતા લાવવા માટે કાયદો બનાવશે. આ તેનો અધિકાર છે. પારદર્શકતા હોવી જોઈએ અને આ બિલ તેના માટે જ છે. વિપક્ષ લઘુમતીઓની વાત કરે છે અને શીખોની કત્લેઆમ કોણે કરી હતી તે બધા જાણે છે.ડીએમકે સાંસદ કનિમોઝી કરુણાનિધિએ કહ્યું કે આ બંધારણીય જોગવાઈઓનું ઉલ્લંઘન છે. કોઈ મંદિરની કમિટીમાં જ્યારે કોઈ બિન હિન્દુ સભ્ય નથી તો વક્ફમાં કેમ? આ બિલ ખાસ કરીને એક ધાર્મિક ગ્રૂપને ટારગેટ કરે છે જે સમાનતાના કાયદાનું ઉલ્લંઘન કરે છે. આ બિલ સંપૂર્ણપણે મુસ્લિમો વિરુદ્ધ છે. આ દેશ સેક્યૂલર દેશ છે જેમાં અલગ અલગ ધર્મ, અલગ અલગ ભાષાના લોકો રહે છે. રામપુરથી સાંસદ મોહિબુલ્લાએ પણ વક્ફ બિલ અંગેની ચર્ચામાં ભાગ લેતાં કહ્યું કે ચારધામથી લઈને તમામ હિન્દુ મંદિરોમાં કમિટીઓ સંચાલન કરે છે. ગુરુદ્વારાની મેનેજમેન્ટ કમિટીમાં પણ સ્પષ્ટ લખ્યું છે કે ફક્ત શીખ જ સભ્ય હશે તો પછી મુસ્લિમો સાથે જ અન્યાય કેમ? આપણે મોટી ભૂલ કરવા જઈ રહ્યા છીએ જેના લીધે સદીઓ સુધી ભોગવવાનો વારો આવશે. સરકારી વિભાગો હેક કરી લેવાયા છે, સરવે કમીશનના અધિકારો ખતમ કરી દેવાયા છે. આ અમારા ધર્મને લગતો મુદ્દો છે, એટલા તેના પર નિર્ણય તમે કરશો કે અમે? આ અમારા ધર્મમાં દખલ કરવાના પ્રયાસો છે. જો આ બિલ પાસ થશે તો લઘુમતીઓ પોતાને સુરક્ષિત નહીં અનુભવે.

કોંગ્રેસે આ બિલ સામે વાંધો ઊઠાવતાં ભારે વિરોધ કર્યો હતો. વિપક્ષ તરફથી કે.સી.વેણુગોપાલે વાંધો ઊઠાવતાં કહ્યું કે આ બિલ બંધારણ દ્વારા આપેલા ધર્મ અને મૂળભૂત અધિકારો પર સીધો હુમલો છે. આ બિલ બંધારણની મૂળ ભાવનાની વિરુદ્ધ છે. આ ઉપરાંત તેમણે સવાલ કર્યો કે 'શું અયોધ્યાના મંદિરમાં કોઈ બિન-હિંદુ છે, શું કોઈ મંદિરની સમિતિમાં કોઈ બિન-હિંદુને રાખવામાં આવ્યો છે. વક્ફ પણ એક ધાર્મિક સંસ્થા છે. આ સમાજમાં ભાગલા પાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.' કોંગ્રેસ નેતાએ કહ્યું કે તમે આ મુદ્દો ખાસ તો આવનારી હરિયાણા, જમ્મુ-કાશ્મીર, મહારાષ્ટ્રની વિધાનસભા ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને જ છંછેડ્યો છે. વક્ફ બિલ અંગે NDAના સહયોગી ચિરાગ પાસવાનની પાર્ટીનું નિવેદન સામે આવ્યું છે. ચિરાગની પાર્ટીએ કહ્યું કે આ બિલ મુસ્લિમોની વિરુદ્ધ નથી પરંતુ તેને સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મોકલાવું જોઈએ.કોંગ્રેસ સાંસદ કાર્તિ ચિદમ્બરમે વક્ફ બિલ અંગે કહ્યું કે ભાજપ જુઠ્ઠાણું ફેલાવે છે કે વિપક્ષ સાથે ચર્ચા કરવામાં આવી છે. જો તેમણે એવું કર્યું જ છે તો તેના મિનિટ્સ બતાવે. ભાજપે બેરોજગારી પર ફોકસ કરવાની જરૂર છે. તેમની પ્રાથમિકતાઓ ખોટી છે. કોંગ્રેસ તેના વિરોધમાં છે અને તેને સિલેક્ટ કમિટીને મોકલવું જોઈએ. ભાજપ નેતા મુખ્તાર અબ્બાસ નકવીએ વક્ફ બિલ અંગે કહ્યું કે લાંબા સમયથી પેન્ડિંગ સમસ્યાનું સમાધાન થઈ રહ્યું છે. વક્ફ બોર્ડના જે લોકો વિરોધ કરી રહ્યા છે આ તેમની ટેવ છે. તે લોકો સમજ્યા વિના સામાજિક અને સમાવેશી સુધારાનો વિરોધ કરી રહ્યા છે.

### ગોળગોળ વાતો નહીં કરવાની : અમિત શાહ

# વક્ફ બિલ : અખિલેશ યાદવ પર બરાબરના વિફર્યા અમિત શાહ

## બિલ પર વાત કરતી વખતે અખિલેશ યાદવ અને અમિત શાહ વચ્ચે ઉગ્ર બોલાચાલી જોવા મળી હતી

નવી દિલ્હી, તા.૮

સંસદમાં આજે સંસદીય કાર્ય અને લઘુમતી બાબત મંત્રી કિરેન રિજિજૂએ સંશોધિત વક્ફ બિલ રજૂ કર્યું છે. જેના પર કોંગ્રેસ અને સપાના સાંસદો સહિત વિપક્ષે વિરોધ નોંધાવ્યો છે. સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે બિલ પર સવાલ ઉઠાવ્યા હતા. ઉપરાંત બિલને ધાર્મિક આસ્થા પર હુમલો તેમજ લોકતંત્ર વિરૂદ્ધ ગણાવ્યું હતું. દરમિયાન અખિલેશ યાદવે સ્પિકરના અધિકારો છીનવાઈ રહ્યા હોવાની વાત કરતાં ગૃહમંત્રી અમિત શાહ તેમના પર ભડકી ઉઠ્યા હતા.

કન્નૌજના સાંસદ અખિલેશ યાદવે કહ્યું કે, વક્ફ બૉર્ડમાં સંશોધન બાદ જે બિલ લાવવામાં આવ્યું છે એ એકદમ સમજીને વિચારેલા કાવતરાં હેઠળ રજૂ કરાયું છે. વક્ફ બૉર્ડમાં બિન મુસ્લિમોને સામેલ કરવાનો શું ઉદ્દેશ્ય છે? ઈતિહાસ વાંચો. એક જિલ્લાધિકારી હતા તેમણે શું-શું કર્યું તે આપણે બધાં જાણીએ છીએ. લઘુમતીઓના અધિકારો છીનવાઈ રહ્યા છે. ભાજપ સંપૂર્ણ રીતે ભયભીત તેમજ નિરાશ છે. આ માટે તે માત્ર કેટલાક કટ્ટર સમર્થકોના સંતોષ માટે આ બિલ લાવી રહ્યું છે. આ વચ્ચે અખિલેશ યાદવે ગૃહ અધ્યક્ષના અધિકારો અંગે વાત કરતાં ગૃહમંત્રી અમિત શાહ તેમના પર ભડકી ઉઠ્યા હતા.

બિલ પર વાત કરતી વખતે અખિલેશ યાદવ અને અમિત શાહ વચ્ચે ઉગ્ર બોલાચાલી જોવા મળી હતી. હકીકતમાં, અખિલેશ યાદવે લોકસભા સ્પીકરને કહ્યું કે, મેં સાંભળ્યું છે કે તમારા અધિકારો પણ છિનવાઈ રહ્યા છે. હવે અમે બધાએ મળીને તમારા માટે પણ લડવું પડશે. દરમિયાન ગૃહમંત્રી અમિત શાહ તેમને વચ્ચે જ અટકાવતાં પોતાની સીટ પરથી ઊભા થઈ ગયા હતા અને વાંધો વ્યક્ત કરતાં કહ્યું કે, તમે ગૃહનું અપમાન કરી રહ્યા છો. તમે અધ્યક્ષના અધિકારના સંરક્ષક નથી. અહીં ગોળમાળ વાતો નહીં કરવાની.

સંસદમાં ચોમાસું સત્ર દરમિયાન મોદી સરકારે વક્ફ બૉર્ડ એક્ટમાં સુધારો કરવા સંશોધન બિલ લોકસભામાં રજૂ કર્યું છે. આ બિલ અંગે સંસદમાં હોબાળો જોવા મળી રહ્યો છે.

સરકાર મુજબ, આ બિલ વક્ફની સંપત્તિઓની સંભાળ માટે લાવવામાં આવી રહ્યું છે. જો કે કોંગ્રેસ, ટીએમસી, ડીએમકે, સપા તેમજ નેશનલ કૉન્ફરન્સ જેવા વિપક્ષી દળોએ બિલનો વિરોધ કરી બિલને સ્થાયી સમિતિ પાસે મોકલવાની અપીલ કરી છે.

### જો મોદીજી રશિયા-યુક્રેન યુદ્ધ રોકી શકે તો...'

# રણદીપ સુરજેવાલાએ વિનેશ ફોગટ માટે કરી આ મોટી માંગ

## ભારત સરકાર મૌન કેમ છે ? ભારતીય ઓલિમ્પિક સંઘે આ મામલે આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સંઘ સાથે વાત કરવી જોઈએ

નવી દિલ્હી, તા.૮

કોંગ્રેસ મહાસચિવ રણદીપ સુરજેવાલાએ રેસલર વિનેશ ફોગટને માત્ર ૧૦૦ ગ્રામ વજનના કારણે પેરિસ ઓલિમ્પિકમાંથી અયોગ્ય ઠેરવવા પર કેન્દ્ર સરકાર પર મોટો પ્રહાર કર્યો છે. સુરજેવાલાએ કહ્યું કે આખો દેશ આશા રાખે છે કે વિનેશ ફોગટ ફરીથી ઊભી થશે થશે અને લડશે. પરંતુ ભારત સરકાર મૌન કેમ છે? ભારતીય ઓલિમ્પિક સંઘે આ મામલે આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સંઘ સાથે વાત કરવી જોઈએ. આ મેડલ માત્ર વિનેશ માટે નહીં પરંતુ દેશ માટે છે. તેમણે કહ્યું કે કમનસીબે રમતગમત મંત્રીએ માહિતી આપી છે કે વિનેશ ફોગાટ પર ૧૭ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. સુરજેવાલાએ કહ્યું કે સિંહણ ક્યારેય હારતી નથી. વિનેશે દેશ માટે સર્વસ્વ બલિદાન આપ્યું. તેણીએ નિવૃત્તિની જાહેરાત ચોક્કસ કરી છે પરંતુ મને આશા છે કે દેશની આ પુત્રી ઉભી થશે અને લડશે. આ માત્ર પરિવારની જ નહીં પરંતુ ૧૪૦ કરોડ દેશવાસીઓની અપીલ છે. હું અહીં એક વાત કહેવા માંગુ છું કે દેશની સરકાર મૌન કેમ સેવી રહી છે? નિયમ-૧૧ કહે છે કે જો વિનેશ ૫૦ કિલોથી ઓછી હોય તો જ તેણે કુસ્તી રમવી જોઈતી હતી. જો બીજા દિવસે વજન વધારે હતું, તો તે આગળ દિવસે કેવી રીતે લાગુ થશે? આ મામલે ઓલિમ્પિક એસોસિએશન સમક્ષ માંગણી કરવી જોઈએ. આ મેડલ માત્ર વિનેશનો જ નહીં પરંતુ ભારતનો હતો.તેમણે કહ્યું કે આ નિયમ ઓલિમ્પિકની ભાવનાની વિરુદ્ધ છે કે શ્રેષ્ઠ ખેલાડીઓ જ જીતે છે. જો ભારત સરકાર ઈચ્છે તો વિનેશને સિલ્વર મેડલ મળી શકે છે. પીએમ મોદી પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે વિનેશ ગોલ્ડ મેડલની હકદાર છે.

જો તેણી લડી હોત, તો તે ચોક્કસપણે સિલ્વર મેડલ તો લાવી જ હોત. જો મોદીજી રશિયા-યુક્રેન યુદ્ધને રોકી શકે છે, તો તેઓ આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સંઘને અપીલ કરી શકે છે અને વિનેશનો મેડલ પાછો લાવી શકે છે.

વિનેશ ફોગાટે કુસ્તીમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે. તેણે કહ્યું, ''મા, કુસ્તી મારાથી જીતી, હું હારી ગઈ. માફ કરજો, તારું સપનું, મારી હિંમત બધુ તૂટી ગયું છે, મારી પાસે હવે આનાથી વધુ તાકાત નથી. ગુડબાય રેસલિંગ ૨૦૦૧-૨૦૨૪. હું હંમેશા આપ સૌની ઋણી રહીશ.''

### રાઉઝ એવન્યૂ કોર્ટે લંબાવી જ્યુડિશિયલ કસ્ટડી

# લિકર પોલિસી કેસમાં કેજરીવાલને રાહત નહીં

## લિકર પોલિસી મામલે પાંચમી સપ્ટેમ્બરે સુનાવણી હાથ ધરાશે

નવી દિલ્હી, તા.૮

દિલ્હીના લિકર પોલિસી કૌભાંડ દારૂ કૌભાંડ સંબંધિત ઝ્રમ્ૈંના કેસમાં રાઉઝ એવન્યૂ કોર્ટે ગુરુવારે (આઠમી ઓગસ્ટ) મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની જ્યુડિશિયલ ૨૦મી ઓગસ્ટ સુધી લંબાવી છે. કેજરીવાલને તિહાર જેલમાંથી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા રજૂ કરાયા હતા.

સોમવારે (પાંચમી ઓગસ્ટે) દિલ્હી હાઈકોર્ટે લિકર પોલિસી કૌભાંડમાં મુખ્યમંત્રી કેજરીવાલની જામીન અરજી ફગાવી દીધી છે. હવે કેજરીવાલ હાઈકોર્ટના આદેશ સામે સુપ્રીમ કોર્ટનો દરવાજો ખટખટાવશે. હાઈકોર્ટના આદેશ બાદ હવે તેઓ જેલમાંથી બહાર નહીં આવી શકે. સીબીઆઈ કેસમાં ધરપકડને ગેરકાયદે જાહેર કરતી અરજી પણ કોર્ટે ફગાવી દીધી છે. આ સાથે કોર્ટે તેમની વચગાળાની જામીન અરજી પણ ફગાવી દીધી છે. હાઈકોર્ટે જામીન માટે નીચલી કોર્ટમાં જવાનું કહ્યું છે.દિલ્હી હાઈકોર્ટે બુધવારે (સાતમી ઓગસ્ટ) એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) ને પૂછ્યું કે, 'મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને આપવામાં આવેલા જામીનને પડકારતી અરજીમાં કયું પાસું બાકી છે, જ્યારે તેમને એક્સાઈઝ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં સુપ્રીમ કોર્ટ દ્વારા વચગાળાના જામીન આપવામાં આવ્યા છે.' નવી તારીખ માંગવા પર જસ્ટિસ કૃષ્ણાએ કહ્યું, 'છેલ્લી વખતે પણ સ્થગિત કરવાની માંગ કરવામાં આવી હતી. તમે કોર્ટને દર વખતે વિનંતી કરી શકતા નથી, જાણે કોર્ટ પાસે અન્ય કોઈ કામ નથી. તમારે તે મુજબ તમારી ડાયરી એડજસ્ટ કરવી પડશે. એવું ન વિચારો કે કોર્ટ તમને વિચાર્યા વિના તારીખ આપશે.' ઈડીના વકીલે સ્પષ્ટતા કરી હતી કે, 'છેલ્લી વખત તારીખની માંગ તપાસ એજન્સીએ નહીં પરંતુ તમારા વકીલ દ્વારા કરવામાં આવી હતી.' તેમણે હાઈકોર્ટને આ કેસ પર ચર્ચા માટે નજીકની તારીખ આપવા વિનંતી કરી હતી. આ મામલો હવે પાંચમી સપ્ટેમ્બરે સુનાવણી હાથ ધરાશે.

# તમે મુસ્લિમોના દુશ્મન છો, આ બિલ તેનો પુરાવો છે :ઓવૈસી

નવી દિલ્હી, તા.૮

વક્ફ બૉર્ડ બિલ પર ચર્ચામાં ભાગ લેતાં અસદુદ્દીન ઓવૈસીએ સરકાર પર આકરા પ્રહાર કર્યાં. તેમણે સરકારને કહ્યું કે તમે મુસ્લિમોના દુશ્મન છો. આ બિલ તેનો પુરાવો છે. આ બિલ બંધારણની કલમ ૧૪નું ઉલ્લંઘન કરે છે, જે તમામ નાગરિકોને પોતાની આસ્થા માટે સમાન તક આપે છે. આખરે આ બિલને લાવવાની જરૂર જ શું છે. મંદિરોની સમિતિઓમાં કોઈ બિન-હિંદુ નથી તો પછી વક્ફ સંપત્તિમાં તેની શું જરૂર છે. આવું જ તમારી સરકાર ખ્રિસ્તીઓ અને શિખોની સાથે પણ કરી રહી છે.યુપીની સહરાનપુર લોકસભા બેઠકથી કોંગ્રેસ સાંસદ ઈમરાન મસૂદે પણ આ મુદ્દે આકરા પ્રહાર કર્યાં. તેમણે કહ્યું કે આ બિલ કાયદાનું ઉલ્લંઘન કરે છે. બંધારણ વિરુદ્ધ છે. ઈમરાન મસૂદે કહ્યું કે સરકાર તરફથી તર્ક આપવામાં આવી રહ્યો છે કે વક્ફ બૉર્ડ સંસ્થા છે અને આ કોઈ ધાર્મિક સ્થળ નથી. આ વાત ખોટી છે કેમ કે દેશમાં વક્ફ બૉર્ડ જ મસ્જિદો, દરગાહો અને અન્ય મુસ્લિમ સંસ્થાની દેખરેખ કરે છે. તેમની સંપત્તિઓની સારસંભાળ રાખે છે. તેથી આને મુસ્લિમોની ધાર્મિક બાબતોથી અલગ દર્શાવી શકાય નહીં. આ ચર્ચામાં અખિલેશ યાદવે પણ ભાગ લીધો અને કહ્યું કે વક્ફ બૉર્ડમાં કોઈ બિન-મુસ્લિમને સામેલ કરવાનું કારણ શું છે. જો આપણે જિલ્લાધિકારીને જ બધું સોંપી દઈએ તો શું થઈ શકે છે. તમે તેને સમજી શકો છો. એક સ્થળે આવું થયું હતું અને પછી જિલ્લાધિકારીએ શું કર્યું, તમે સૌ જાણો છો. આ બિલ એટલા માટે લવાઈ રહ્યું છે કેમ કે તાજેતરમાં જ આ લોકો હાર્યા છે. પોતાના અમુક કટ્ટર સમર્થકોના તુષ્ટિકરણ માટે આવું બિલ લાવવામાં આવી રહ્યું છે. આ બિલનો ડીએમકે, ટીએમસી, શરદ પવારની એનસીપી જેવી પાર્ટીઓએ પણ વિરોધ કર્યો છે.

### મહાવીર ફોગાટે એવું તે શું કહ્યું કે આશા જાગી?

# ચાહકો એ વાતથી નિરાશ થઇ ગયા કે શું વિનેશ ફોગાટ ઓલિમ્પિક ૨૦૨૮ રમશે

## વિનેશ ફોગાટ ભારત આવશે પછી તે તેમની સાથે વાત કરશે અને ૨૦૨૮ ઓલિમ્પિકમાં રમવા માટે મનાવી લેશે

નવી દિલ્હી, તા.૮

પેરિસ ઓલિમ્પિક્સમાં કુસ્તીની કેટેગરીમાં ૫૦ કિલો કરતાં ૧૦૦ ગ્રામ વધુ વજન હોવાને કારણે અયોગ્ય જાહેર થયેલી વિનેશ ફોગાટે આજે વહેલી સવારે એટલે કે ૮ ઓગસ્ટને ગુરુવારે નિવૃત્તિની જાહેરાત કરી દીધી હતી.

જો કે, હવે તેમના કાકા મહાવીર ફોગાટે વિનેશ ફોગાટને તેની નિવૃત્તિ પાછી લેવાની થોડી આશા જગાડી છે. તેમણે કહ્યું છે કે, ''વિનેશ ફોગાટ ભારત આવશે પછી તે તેમની સાથે વાત કરશે અને તેમને ૨૦૨૮ ઓલિમ્પિકમાં રમવા માટે મનાવી લેશે.'' વિનેશ ફોગાટની જાહેરાત બાદ આખો દેશ આશ્ચર્યચકિત થઈ ગયો હતો. ચાહકો એ વાતથી નિરાશ થઈ ગયા હતા કે, તેઓ હવે વિનેશ ફોગાટને આ કુસ્તીની સ્પર્ધા ફરી ક્યારેય જોઈ શકશે નહીં.

વિનેશ ફોગાટે સોશિયલ મીડિયા પર નિવૃતિ જાહેર કરતાં લખ્યું કે, ''માઁ કુસ્તી મારાથી જીતી ગઈ અને હું હારી ગઈ. માફ કરજો, તારું સપનું અને મારી હિંમત બધુ તૂટી ગયું, મારી પાસે આનાથી વધુ તાકાત નથી. ગુડબાય રેસલિંગ ૨૦૦૧-૨૦૨૪. હું હંમેશા આપ સૌની ઋણી રહીશ, માફી.''ભારતીય કુસ્તીનો મહત્ત્વપૂર્ણ હિસ્સો રહી ચૂકેલા મહાવીર ફોગાટે વિનેશની પરિસ્થિતિ પર ટિપ્પણી કરતા કહ્યું કે, ''તેણી આ વખતે ઓલિમ્પિક ગોલ્ડ મેડલ લાવવાની હતી, પરંતુ તેણીને ગેરલાયક ઠેરવવામાં આવી. આટલા મોટા આઘાત બાદ દુઃખી થવું સ્વાભાવિક છે અને તેથી તેણીએ આ નિર્ણય લીધો. એકવાર તે ઘરે પરત ફરશે, ત્યારે અમે તેની સાથે ૨૦૨૮ ઓલિમ્પિકમાં ભાગ લેવા વિશે વાત કરવાનો પ્રયાસ કરીશું.''

હરિયાણાના ઝસ્ નાયબ સિંહ સૈનીએ જાહેરાત કરી કે, ''હરિયાણા સરકાર દ્વારા વિનેશ ફોગાટને ઓલિમ્પિક સિલ્વર મેડલ વિજેતાની જેમ ઈનામ, સન્માન અને સુવિધાઓ આપવામાં આવશે.'' જેના પર મહાવીર ફોગાટે કહ્યું કે, ''મુખ્યમંત્રીની આ સારી પહેલ છે. તેમણે સિલ્વર મેડલ મળ્યો હોવાની હકીકત સ્વીકારી છે. આ એક સારું પગલું છે અને હું તેમનું સમર્થન કરું છું. હું હરિયાણા સરકારનો આભાર માનું છું, જો અન્ય એથ્લિટ્સ સાથે આવું થશે તો આનાથી તેમને પ્રોત્સાહન મળશે.''

CM સૈનીએ આજે ગુરુવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક પોસ્ટમાં વિનેશ પ્રત્યેના તેમના સમર્થન પર ભાર મૂક્યો હતો. સૈનીએ લખ્યું હતું કે, ''રાજ્ય સરકાર ઓલિમ્પિક સિલ્વર મેડલ વિજેતા જેમ જ સન્માન, પુરસ્કારો અને સુવિધાઓ વિનેશ ફોગાટને આપશે.'' વિનેશના પ્રયાસોની પ્રશંસા કરતા તેમણે આગળ કહ્યું કે, ''હરિયાણાની અમારી બહાદુર પુત્રી વિનેશ ફોગાટે શાનદાર પ્રદર્શન કર્યું અને ઓલિમ્પિકની ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો. કેટલાક કારણોસર, તે ઓલિમ્પિકની ફાઈનલ રમી શકી નહીં, પરંતુ તે એક ઉત્તમ ઉદાહરણ છે. આપણા બધા માટે ચેમ્પિયન છે.''

### ભારતીય ઇતિહાસમાં કલંક સમાન ઘટના બની

# વિપક્ષોના આરોપોથી પરેશાન થયેલા જગદીપ ધનખડે વોકઆઉટ કર્યું

## વિપક્ષીઓના હોબાળા અને બેફામ આક્ષેપબાજીથી નારાજ થયેલા રાજ્યસભા અધ્યક્ષ ખુરશી છોડીને ચાલ્યા ગયા

નવી દિલ્હી, તા.૮

ભારતીય ઈતિહાસમાં કલંક સમાન ઘટના આજે રાજ્યસભામાં બની હતી. વિપક્ષીઓના હોબાળા અને બેફામ આક્ષેપબાજીથી નારાજ થયેલા રાજ્યસભા અધ્યક્ષ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અત્યંત પીડા સાથે પોતાની ખુરશી છોડીને ચેમ્બરમાં ચાલ્યા ગયા હતા. વાસ્તવમાં વિનેશ ફોગાટના ઓલિમ્પિકમાંથી બહાર થઈ જતા દેશવાસીઓ દુખી છે. આ મુદ્દે આજે રાજ્યસભામાં પણ ભારે હોબાળો થયો. આ વાત પર વિપક્ષના નેતા ખડગેએ રાજ્યસભામાં આ મુદ્દો ઉઠાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ રાજ્યસભાના અધ્યક્ષે ખડગેને મંજૂરી ન આપી. જ્યારે TMCના સાંસદ ડેરેક ઓ બ્રાયને ઊંચા અવાજે હોબાળો કરવાનો પ્રયાસ કર્યો ત્યારે પણ અધ્યક્ષે ચેતવણી આપી. અધ્યક્ષે ડેરેકને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે જો તે આ કૃત્યનું પુનરાવર્તન કરશે તો તેમને રાજ્યસભામાંથી બહાર તગેડી મૂકાશે. ત્યારબાદ વિપક્ષમાં સામેલ કોંગ્રેસ-ટીએમસી અને અન્યો પક્ષોના સાંસદોએ ગૃહમાંથી વોકઆઉટ કરી દીધું હતું.

અધ્યક્ષ જગદીપ ધનખડેએ ગુસ્સે થઈને પોતાની વ્યથા ઠાલવતા કહ્યું કે, 'કોંગ્રેસના સૌથી વરિષ્ઠ નેતા પણ આ ગૃહના સભ્ય છે, જે હું હાલના સમયમાં જોઈ રહ્યો છું અને જે રીતે શબ્દો દ્વારા, પત્રો દ્વારા, અખબારો દ્વારા પડકાર આપવામાં આવી રહ્યો છે. મેં જોયું છે કે કેટલી બધી ખોટી કૉમેન્ટ કરવામાં આવી છે.

આ પડકાર મને નહિ પરંતુ ચેરમેન પદને આપવામાં આવી રહ્યો છે. આ ચેલેન્જ એટલા માટે આપવામાં આવી રહી છે કારણ કે આ લોકોને લાગે છે કે આ પદ સંભાળનાર વ્યક્તિ પદ માટે લાયક નથી. ધનખડે વધુમાં કહ્યું કે, 'મને ગૃહમાં જોઈએ તેટલું સમર્થન મળ્યું નથી. મેં મારા પ્રયત્નો ઓછા કર્યા નથી. હવે મારી પાસે એક જ વિકલ્પ છે કે હું મારા શપથથી ભાગતો નથી. મેં આજે જે જોયું છે, સભ્યો જે રીતે વર્ત્યા છે તેનાથી આઘાત લાગ્યો છે. હું મારી જાતને અહીં થોડા સમય માટે પણ બેસવા સક્ષમ માનતો નથી.' બસ આટલું કહી તેઓ ખુરશી પરથી ઊભા થઈ જતા રહ્યા હતા.

# લીલીયા મોટા : પોલીસ વિભાગ દ્વારા સાયબર ક્રાઈમ જાગૃતિ કાર્યક્રમ યોજાયો



લીલીયા પોલીસ સ્ટેશન દ્વારા સાયબર ક્રાઈમઅંગેજનજાગૃતિફેલાયતેવાશુભ હેતુથીસાયબરક્રાઈમઅંગેજનજાગૃતિ કાર્યક્રમ કરવામાં આવેલ જેમાં લીલીયાનીવિનિમયઅનેવાણિજયકોલેજ ખાતેપ્રિન્સિપાલડોકટરરાજેન્દ્રસિંહરાઠોડ તેમજ પ્રોફેસર સુભાષભાઈ આડેદરાની ઉપસ્થિતિમાંકાર્યક્રમયોજાયેલતેવીજરીતે અમૃત બા વિદ્યાલય ખાતે પ્રિન્સિપાલ હસમુખભાઈ કરડની ઉપસ્થિતિમાં સાઈબર ક્રાઈમ અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતતા આવે અને સાયબર ગુનાઓ અટકેએસંદર્ભેલીલીયાપોલીસસ્ટેશનના પી.એસ.આઈ. એસ.આર. ગોહિલની સુચના અને માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ પ્રશ્નોતરી થઈ તેમ જ પોલીસ દ્વારા સાઈબર ક્રાઈમ હેલ્પલાઈનનંબર૧૯૩૦જાહેરકરવામાં આવેલતેમજપોલીસદ્વારાવિવિધથતાફ્રોડ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવેલતેમજતેમાંથબચવાનાઉપાયોપણ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓને સમજાવવામાં આવેલ. આ કાર્યક્રમમાં સ્કૂલનાંવિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ ઉત્સાભેર ભાગ લીધેલ. આ તકે લીલીયા પોલીસ સ્ટેશનના સંજયભાઈ ઈટાલીયા, ભૂજબલદાનગઢવી, દીપકભાઈ ગોહિલ, જીતેન્દ્રભાઈ ગંગલ દ્વારા વિવિધ સાયબર ક્રાઈમને લગત માહિતીઓ અપાઈ તેમ ઈમરાન પઠાણનો અખબારી યાદીમાં જણાવેલ છે.

### નગરસેવિકા સેજલબેન સોલંકીની રજુઆત

## અમરેલીનાં ધરમનગરનાં શિવ મંદિરમાં પટાંગણમાં પેવીંગ બ્લોક લગાવવા માંગ

### પાલિકાનાં ચીફ ઓફિસરને પત્ર પાઠવ્યો

અમરેલી તા.૮

અમરેલી શહેરનાં લાઠી રોડ, ધરમનગરમાં હિન્દુ લોકોના આસ્થાનું એવુ ધુષમેશ્વર મહાદેવ મંદિર તથા સાર્વજનિક પ્લોટ આવેલ હોવાથી અને આ મંદિરે રોજબરોજ વધુ સંખ્યામાં શ્રધ્ધાળુઓ દર્શન માટે આવતા હોય જેથી લોકોની સુખાકારીમાં વધારો કરવા માટે મંદિરના પટાંગણમાં તથા સાર્વજનિક પ્લોટમાં પેવીંગ / બ્લોક તાત્કાલીક નાખી આપવા નગરસેવીકા સેજલબેન સોલંકીએ ચીફ ઓફિસર સમક્ષ માંગ કરેલ છે.



### આગામી ૧૨ ઓગષ્ટને સોમવારે

## ચલાલા ખાતે પૂ. દાનબાપુની જગ્યા તરફથી બ્રહમ ચોર્યાસીનું આયોજન

### એક પંગતે બેસી ભુદેવો ભોજન પ્રસાદ લેશે



ચલાલા, તા. ૮

જગ વિખ્યાત ચલાલાની અંઅવતાર પૂજય દાન મહારાજની જગ્યાના મહંત પૂ. વલકુબાપુ તરફથી પવિત્ર શ્રાવણ માસના તા. ૧૨.૮.૨૪ સોમવાર બપોરના ૧૧:૩૦ કલાકે ના સમસ્ત ચલાલ મિઠાપુર (ડુંગરી) બ્રહમ સમાજ માટે બ્રહમ ચોયાર્સીનું આયોજન પુજય દાન મહારાજની જગ્યામાં કરવામાં આવેલ છે. પુ. વલકુબાપુ લઘુમહંત પુજય મહાવીબાપુ તેમજ બાળઠાકર પુ. પ્રયાગરાજભાઈ દ્વારા સમસ્ત ચલાલા –મિઠાપુર (ડુંગરી) ના સમસ્ત બ્રહમ સમાજના પરિવારને સાગમટે ભોજન પ્રસાદ લેવા પધારવા માટે નિમંત્રણ અપાઈ રહયા છે હર...હર... મહાદેવ ના નાદ સાથે બ્રાહમણો સમુહમાં પ્રસાદ આરોગશે.

## પશુ–પક્ષીનું ખોરાક પત્રક



પશુ–પક્ષીઓની તંદુરસ્તી જાળવવા માટે ખોરાક એક મહત્વની બાબત છે.જીવદયા સંસ્થાઓમાં ગાય,ભેંસ જેવા પાલતુ પ્રાણી વિશેષ હોય છે, પરંતુ કુદરતમાં વિહરતા પશુ–પક્ષી પણ કયારેક સંસ્થાઓનો આશ્રય મેળવતા હોય છે. જુદા જુદા પશુ–પક્ષીને ખોરાક આપવા માટે ઉપયોગી થાય તે અર્થે ખોરાક પત્રક આ સાથે રજુ કરેલ છે.

જુદા જુદા પશુ–પક્ષીનું ખોરાક પત્રક

(૧) પોપટ – ચોખા,તુવેરશીંગ,પપૈયા, ક.રી, કાકડી, શેરડી, રાયણ, જામફળ, મરચા, ગાજર–૫૦ ગ્રામ, મગફળી–૫૦ ગ્રામ, જુદા જુદા બીજ – ૧૦૦ ગ્રામ, સુર્યમુખીના બીજ – ૨૫ ગ્રામ

(૨) કબુતર – ઘઉ – ૨૫ ગ્રામ, જુવાર – ૨૫ ગ્રામ, ચોખા – ૨૫ ગ્રામ

(૩) મોર – બાજરો – ૨૫ ગ્રામ, જુવાર – ૨૫ ગ્રામ, રોટલ – ૫૦ ગ્રામ, લીલા શાકભાજી – ૭૫ ગ્રામ, મગફળીના દાણા – ૨૦ ગ્રામ.

(૪) કોયલ – મિશ્ર ધાન્ય–૫૦ ગ્રામ, મિશ્ર કઠોળ – ૨૫ ગ્રામ, પપૈયુ – ૫૦ ગ્રામ

(૫) બજરીગર/લવબર્ડ – કાંગ – ૧૦ ગ્રામ થી ૧૫ ગ્રામ, કોથમીર/પાલક – ૧૦ થી ૧૫ ગ્રામ.

(૬) કોકટીલ – લીલા શાકભાજી – ૨૫ ગ્રામ, બ્લેકશીડ મીકસ – ૨૦ થી ૨૫ ગ્રામ.

(૭) લવ બર્ડઝ – કાંગ, બ્લેકશીડ, કોથમીર – ૧૫ થી ૨૦ ગ્રામ.

(૮) મેના/બુલબુલ – પપૈયુ, કેળા તથા અન્ય ફળ – ૨૦ થી ૫૦ ગ્રામ

(૯) મુનીયા/ફિન્ચ–કાંગ, બ્લેકશીડ કોથમીર ૫ થી ૧૦ ગ્રામ.

(૧૦) તેતર – જુવાર, બાજરી–૨૫ ગ્રામ.

(૧૧) કુંજ – મગફળી – ૫૦ ગ્રામ.

(૧૨) વાંદરા – પલાળેલા ચણા–૧૫૦ થી ૨૦૦ ગ્રામ,ફળ –શાકભાજી– ૧૦૦ થી ૨૦૦ ગ્રામ, કેળા–૨, શીંગદાણા ૫૦ ગ્રામ.

(૧૩) નીલગાય – લીલાચારો–૧૫ કિ.ગ્રામ, સુકોચારો – ૨થી ૪ કિ.ગ્રામ

(૧૪) કાચબા – પથરાયા–ચણા–૧૫ ગ્રામ,લીલા શાકભાજી–૧૫ થી ૨૦ ગ્રામ, રજકો – ૨૦ થી ૨૫ ગ્રામ.

(૧૫) બકરા – લીલોચારો ૨ થી ૩ કિ.ગ્રામ,સુકોચારો ૧થી ૨ કિ.ગ્રામ

(૧૬) લવારા – લીલોચારો ૧થી ૨ કિ.ગ્રામ, સુકોચારો ૧ થી ૨ કિ.ગ્રામ.

(૧૭) ઘેટા – લીલોચારો ૨ થી ૩ કિ.ગ્રામ, સુકોચારો ૧ થી ૨ કિ.ગ્રામ.

(૧૮) ગાદરડા – લીલોચારો – ૧ કિ.ગ્રામ, સુકોચારો ૧ કિ.ગ્રામ.

(૧૯) અશ્વ – લીલોચારો ૧૫ થી ૨૦ કિ.ગ્રામ, સુકોચારો ૬ થી ૮ કિ.ગ્રામ, જરૂર મુજબ જોગાણ આપવું.

(૨૦) ગદર્ભ – લીલોચારો ૮ થી ૧૦ કિ.ગ્રામ, સુકોચારો ૪ થી ૬ કિ.ગ્રામ.

(૨૧) ઊંટ – લીલોચારો – ૩૦ કિ.ગ્રામ, સુકોચારો ૧૦ થી ૧૫ કિ.ગ્રામ, ગોવાત્ર અને મગફળીનો પાલો પસંદગીનો ખોરાક છે.

(૨૨) સસલા – ચણા – ૫૦ ગ્રામ, રજકો – ૪૦૦ ગ્રામ.

(૨૩) ખીસકોલી – મીશ્ર ધાન્ય ફળ, મગફળી, ફળો વગેરે આપી શકાય.

(૨૪) ચિતલ, કાળીયાર, હોગડિઅર, ચિંકાર, ચૌશિંગા – લીલોચારો– ૫ કિ.ગ્રામ, સુકોચારો – ૨ કિ.ગ્રામ.

### વન વિભાગના સહયોગથી

## ''એક પેડ મા કે નામ'' અભિયાન અંતર્ગત માહી ડેરી દ્વારા વૃક્ષારોપણ ઝુંબેશ

### વૃક્ષોનો ઉછેર પણ કરવામાં આવશે



રાજકોટ, તા. ૮

વિશ્વમાં વધતા જતા પ્રદૂષણને નાથવા અનેક સંસ્થાઓ દ્વારા વૃક્ષો વાવીને સામાજીક જવાબદારીનું પ્રેરણાત્મક કાર્ય કરવામાં આવી રહ્યું છે. દેશના માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ''એક પેડ મા કે નામ'' અભિયાન શરૂ કરાવી સમગ્ર દેશમાં વધુને વધુ વૃક્ષો વાવવા લોકોને અપીલ કરી છે. સૌરાષ્ટ્ર–કચ્છના દૂધ ઉત્પાદકોની સંસ્થા – માહિ ડેરી દ્વારા ''એક પેડ મા કે નામ'' અભિયાન અંતર્ગત સંસ્થાની વિવિધ જીલ્લાઓમાં આવેલી કચેરીઓ, બી.એમ.સી. કેન્દ્રો તેમજ ગ્રામ્ય કક્ષાએ આજેલ સંસ્થાના દૂધ એકત્રીકરણ કેન્દ્રો ખાતે રાજયના વન વિભાગના સહકારથી વૃક્ષારોપણ ઝુંબેશ હાથ ધરી ૪૧૦૦થી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે.

વિશ્વમાં એક તરફ જંગલોઘટતા જાય છે અને બીજી તરફ ગ્લોબલ વોર્મિંગને કારણે પર્યાવરણ ભારે નુકસાન પહોંચી રહ્યું છે. લોકો વધુને વધુ વૃક્ષો વાવે અને તેનો ઉછેર કરે તે માટે સરકાર દ્વારા પણ બહોળો પ્રચાર–પ્રસાર કરી જાગ્રૃતિ ફેલાવવામાં આવી રહી છે ત્યારે સૌરાષ્ટ્ર–કચ્છના દૂધ ઉત્પાદકોની સંસ્થા માહી–ડેરી દ્વારા વન વિભાગના સહયોગથી ''એક પેડ મા કે નામ'' અભિયાન અંતર્ગત સમગ્ર રાજયમાં વૃક્ષોનું વાવેતર કરી તેનો ઉછેર કરવા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. તેના અનુસંધાને વિવિધ જીલ્લાઓમાં આવેલી સંસ્થાને કચેરીઓ, બી.એમસી કેન્દ્રો અને દૂધ એકત્રીકરણ કેન્દ્રો ખાતે લીમડા, કરંજ, ગુલમહોર, બોરસલી, ઉમરો, ગરમાળો વગેરે વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. સંસ્થાના કર્મચારીઓ, સહાયકો અને સભાસદો દ્વારા મોરબી, ભાવનગર, બોટાદ, અમરેલી, સુરેન્દ્રનગર, કચ્છ, પોરબંદર, જામનગર, જુનાગઢ, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા વગેરે જીલ્લાઓમાં વૃક્ષોનું વાવેતર કર્યા બાદ તેનો ઉછેર કરી સમગ્ર વિસ્તારને લીલોછમ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગે સંસ્થાન ચીફ એકિઝકયુટિવ ડો. સંજય ગોવાણીએ જણાવ્યું હતું કે, માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરવામાં આવેલ ''એક પેડ મા કે નામ'' અભિયાન અંતર્ગત માહી ડેરી દ્વારા સમગ્ર રાજયમાં વૃક્ષારોપણ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. ડેરીના કર્મચારીઓ, સહાયકો, દૂધ ઉત્પાદક સદસ્યો સૌના સાથ વડે આશરે ૪૧૦૦થી વધુ વૃક્ષોનું વાવેતર કરીને તેનો ઉછેર કરવા અને તેના થકી રાષ્ટ્રીય ઉત્તરદાયિત્વ નિભાવવા કાર્ય હાથ ધરાયું છે જેમા અમોને વન વિભાગનો સહકાર પણ મળ્યો છે.

### અનુબંધ વેબપોર્ટલના માધ્યમથી

## જિલ્લા રોજગાર કચેરી દ્વારા રોજગાર ભરતી મેળો યોજાશે

અમરેલી તા.૮

જિલ્લા રોજગાર કચેરી દ્વારા અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી રોજગાર ભરતી મેળો યોજાશે. એકમ સિનોવા ગિયર્સ એન્ડ ટ્રન્સમિશન પ્રા.લી. રાજકોટ માટે મશીન ઓપરેટર (ફકત પુરૂષ ઉમેદવાર માટે) ની માટે ૧૮ થી ૩૮ વર્ષની વયમર્યાદા અને આઈ.ટી.આઈ. ઈન ફીટર, ડીઝલ મિકેનિક, મશીનિષ્ટની તકનીકી શૈક્ષણિક લાયકાત તેમજ એઈમ લિમિટેડ ભાવનગર માટે આસી.બ્રાંચ મેનેજર (માર્કેટીંગ) / બ્રાંચ મેનેજર (માર્કેટીંગ) ની જગ્યા માટે ૧૮ થી ૩૫ વર્ષની વય મર્યાદા તેમજ ધો ૧૦ અને ધો ૧૨ ગ્રેજયુએટ પાસની શૈક્ષણીક લાયકાત ધરાવતા હોય તેમના અનુબંધન વેબપોર્ટલના ડિજીટલ માધ્યમથી ભરતી મેળાનું આયોજન તા.૧૩/૮/૨૪ના રોજ સવારે ૧૧ વાગ્યે, બાબરા સ્થિત કમળ શી હાઈસ્કુલ (બસ સ્ટેન્ડ નજીક) ખાતે યોજાશે. ભરતીમેળામાં ભાગ લેવા માટે આધાર કાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાતના તમામ દસ્તાવેજો સાથે જોબસીકર તરીકે નોંધણી કરાવવી ફરજીયાત છે. રજીસ્ટ્રેશન લીંક http://anubandham. gujrat.gov.in/account/signup પર નોંધણી થયા બાદ પોર્ટલ પર લોગીંગ કરી પોર્ટલ જોબફેરના મેનુમાં કલીક કરી જરૂરી વિગત ભર્યા બાદ જોબફેરમાં ભાગ લઈ શકાશે. વધુ માર્ગદર્શન માટે જિલ્લા રોજગાર વિનિમય કચેરી અમરેલીનો સંપર્ક કરવો તેમ જિલ્લા રોજગાર અધિકારીશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

# ચલાલા : ગાયત્રી સંસ્કાર વિદ્યાલયના વિદ્યાર્થીઓ જિલ્લા કક્ષાની SGFI માં તીરંદાજી સ્પર્ધામાં ઝળહળ્યા



અમરેલીમાં તા.૫/૮/૨૦૨૪ ના રોજ યોજાયેલ ૬૮મી અખિલ ભારતીય તીરંદાજીની સ્પર્ધા ગુજરાત સરકાર રમત ગમત વિભાગ દ્વારા આયોજિત કરવામાં આવી હતી. જેમાં ગાયત્રી સંસ્કાર વિદ્યાલય–ચલાલાના વિદ્યાર્થીઓ તીરંદાજી સ્પર્ધામાં ભાગ લઈ પોતાની આવડતનું પ્રદર્શન કરી શાળા પરિવારનું ગૌરવ વધાર્યુ હતુ. જેમાં સંપૂર્ણ માર્ગદર્શન અમરેલી જિલ્લા કોચ મહેતા રિધ્ધિ અને મહેતા હદિસા દ્વારા આપવામાં આવ્યું હતુ. આ બાળકોને ર્સસ્થાના વડા પૂ.શ્રી.ડો. રતિદાદા તથા ડાયરેકટર શ્રી ભારત ભૂષણ મહેશભાઈ મહેતા અને આચાર્ય શ્રી શીતલબેન મહેતાએ અભિનંદન પાઠવ્યા હતા.

# જીલ્લાની શાળાઓના ૬,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ચિત્ર અને રંગોળીમાં પૂર્યા દેશભકિતનાં રંગ






અમરેલી જીલ્લામાં સ્વાતંત્ર્ય પર્વ અંતર્ગત 'હર ઘર તિરંગા' અભિયાનનો ઉત્સાહભેર પ્રારંભ થયો છે. જીલ્લામાં તા. ૮ થી તા. ૧૦ ઓગસ્ટ દરમિયાન ગ્રામ્ય કક્ષાએ થઈ રહેલી ઉજવણી અંતર્ગત ચિત્ર અને રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. 'હર ઘર તિરંગા' અભિયાન અન્વયે અમરેલી જીલ્લા શિક્ષણ કચેરી દ્વારા અમરેલી જીલ્લાની શાળાઓમાં ચિત્ર અને રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. આશરે ૬,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શાળાઓમાં આ ઉજવણીના ભાગરૂપે વેશભૂષા સ્પર્ધા, દેશભકિતની થીમ પર વકતૃત્વ તેમજ રંગોળી સ્પર્ધા જેવા રચાત્મક અને સાંસ્કૃતિક કાર્યક્રમોના માધ્યમથી દેશભકિતની જયોત પ્રજવલ્લિત થશે. આ દિવસો દરમિયાન ઘરે–ઘરે ભારતની આન, બાન અને શાન સમો તિરંગો લહેરાવી અને નાગરિકો દેશભકિતના પર્વમાં જોડાશે.

### પીસી–પી.એન.ડી.ટી એકટ–૧૯૯૪ અંતર્ગત
## અમરેલી જિલ્લા સલાહકાર સમિતિની બેઠક યોજાઇ

અમરેલી તા.૮

પીસી–પી.એન.ડી.ટી એકટ–૧૯૯૪ અન્વયે અમરેલી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી જોષીના અધ્યક્ષ સ્થાને જિલ્લા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ હતી. અમરેલી જિલ્લા પંચાયત આરોગ્ય શાખા ખાતે યોજાયેલી આ બેઠકમાં, બાકી હોય તેવી કાર્યવાહીઓની વિગતો મેળવી તે અંગે ઘટતું થાય અને તે માટે કામગીરી હાથ ધરવામાં આવે તે બાબતે ચર્ચા કરવામાં આવી હતી. પી.એન.ડી.ટી એકટ – ૧૯૯૪ અંગેના નોટિફિકેશન, ચુકાદાઓ, પરિપત્રોને વંચાણે લીધા હતા. સોનોગ્રાફી મશીનના નવા અને રિન્યુઅલ રજિસ્ટ્રેશન બાબતે કાર્યવાહી કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. પીસી–પી.એન.ડી.ટી એકટ– ૧૯૯૪ અન્વયે કરવાની થતી કામગીરીને બહાલી આપવામાં આવી હતી. મહત્વનું છે કે, પીસી– પી.એન.ડી.ટી એકટ – ૧૯૯૪ અંતર્ગત સ્ત્રી ભૂણ ગર્ભ પરિક્ષણ અને તે સાથે આવા બિનઅધિકૃત કૃત્યો પણ પ્રતિબંધિત છે, જે અન્વયે કડક કાર્યવાહી કરવા સહિતની જોગવાઈ છે. પી.એન.ડી.ટી એકટ અંતર્ગત હોસ્પિટલ, કિલનિક અને સંસ્થાઓએ સી.સી.ટી.વી. લગાવવા ફરજીયાત છે. જે બાબતે અમરેલી જિલ્લામાં જાહેરનામુ પણ બહાર પાડી તે અમલી કરવામાં આવ્યુ છે. બેઠકમાં ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (આઈ.એમ.એ.) અમરેલીના પ્રમુખ ડો.ગજેરા, પીસી–પી.એન.ડી.ટી એકટ – ૧૯૯૪ અન્વયે અમરેલી જિલ્લા સલાહકાર સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લાનાં દિગ્ગજ નેતા**

બોર્ડ બિલને આવકારૂ હતું.

વધુમાં જણાવેલ કે ગયા અઠવાડીયે મધ્યપ્રદેશ હાઈકોર્ટનાં જસ્ટીશે પણ જણાવેલ કે દેશનાં આમ આદમીને જાગૃત થવાની જરૂર છે. કોંગ્રેસે ભાતિ, જ્ઞાતિ અને ધર્મના નામે દેશને તોડવાનો પ્રયાસ કર્યો છે. અને સંશોધન બિલથી વકફબોર્ડ સામે ન્યાય આપવાનો પ્રયાસ છે.

વધુમાં જણાવેલ છે કે, મારી જાણકારી મુજબ કોઈપણ મુસ્લિમ દેશમાં આંવા કાયદો નથી, કોંગ્રેસે વકફબોર્ડ'નો કાયદો બનાવીને મુસ્લિમ નાગરિકો પર અત્યાચાર કર્યો છે. અને અંતમાં તેઓએ 'વકફબોર્ડ' કાયદો રદ કરવા માંગ કરી હતી.

પાના ૮ ઉપરનું ચાલું **રાજમહેલ અને પાલિકા કચેરીનાં**

છેલ્લા ૧૫ થી ૨૦ વર્ષમાં ક્રમશઃ તમામ કચેરીઓનું અન્યત્ર સ્થળાંતર થયા બાદ "રાજમહેલ"ની મરામત કરવામાં ન આવતાં "રાજમહેલ"નાં કાંગરા ખરી રહ્યા છે અને હાલ શાસકોએ ચેતવણીરૂપ બોર્ડ લગાવીને સંતોષ માનેલ છે.

થોડા મહિના પહેલા રાજમહેલનું રીનોવેશન કરીને ત્યાં લાયબ્રેરી, મ્યુઝિયમ બનાવવાની જાહેરાત થઈને તે માટેની ટેન્ડર પ્રક્રિયા પણ શરૂ થઈ હોય હજુ સુધી રીનોવેશનની કામગીરી શરૂ કરવામાં આવી ન હોય કયાં કારણોસર રીનોવેશન કામ શરૂ થતું નથી તેની કોઈ સત્તાવાર જાણકારી બહાર આવતી નથી.

બીજી તરફ ડો. જીવરાજ મહેતા ચોકમાં આવેલ પાલિકાનાં જુના મકાનનાં ગ્રાઉન્ડ ફલોર ઉપર ૪૦ થી ૫૦ દુકાનોમાં વેપારીઓ ધંધા–રોજગાર કરી રહ્યા છે અને ઉપરથી છતમાંથી ચોમાસામાં નીચે પાણી પડી રહ્યા હોય વેપારીઓ ફફડતા જીવે વેપાર કરવા મજબુર બની રહ્યા છે. ભારે પવન સાથે વરસાદ આવે કે અન્ય કોઈ આફત આવે અને કોઈ દુર્ઘટના બનશે તો જવાબદારી કોની તેવો વેધક પ્રશ્ન ઉપસ્થિત થઈ રહ્યો છે.

અમરેલીનાં દોઢ લાખનાં શહેરીજનો છેલ્લા ૧૫ થી ૨૦ વર્ષથી વિકાસની ગુલબાંગો સાંભળી રહ્યા છે પરંતુ શહેરમાં નમૂનારૂપ વિકાસ થતો હોય તેવું કયાંય નજરે ચડતું નથી.

પાના ૧ ઉપરનું ચાલું **લાઠીનાં હીરાણા ગામે**

મળતી વિગત મુજબ હાલમાં ચોમાસાની સિઝન શરૂ હોય ત્યારે લાઠી પંથકમાં પ્રમાણમાં વરસાદ સારો થતાં નદી, નાળા, તળાવમાં પાણી ભરેલા છે. ત્યારે આજે સવારે લાઠી તાલુકાના હીરાણા ગામે રહેતા ધાર્મિક રાજુભાઈ ગોલાણી (ઉ.વ. ૧૦) તથા તેમનો પિતરાઈ ભાઈ તુષાર મિલનભાઈ ગોલાણી (ઉ.વ. ૭) સહિત ત્રણ બાળકો આજે સવારે પોતાના દુધાળા પશુ ચરાવવા માટે હીરાણા ગામે આવેલ તળાવ કાંઠે ગયા હતા.

ત્યારે એક ભેંસ ચારો ચરતાં ચરતાં તળાવમાં ચાલી જતા આ બે પિતરાઈ ભાઈ પૈકી એક ભાઈ તળાવના પાણીમાંથી ભેંસને બહાર કાઢવા માટે તળાવ કિનારે ગયેલો. ત્યારે અકસ્માતે તે તળાવમાં પડી જતા તળાવમાં રહેલા પાણીમાં તે ડુબવા લાગતા બીજો ભાઈ ડુબતા ભાઈને બચાવવા જતા બંને પિતરાઈ ભાઈઓ આ તળાવમાં ડુબી ગયા હતા. ત્યારે તેમની સાથે રહેલ ત્રીજો બાળક ઘટના અંગે ગામ લોકોને જાણ કરવા માટે દોડી ગયો હતો.

આ બનાવની જાણ ગામ લોકોને થતા ગામના લોકો તળાવ કાંઠે દોડી આવ્યા હતા અને પાણીમાં ડુબેલા બંને બાળકોની પાણીમાં શોધખોળ આદરી હતી અને મહામુસીબતે બંને બાળકોને તળાવમાંથી બહાર કાઢી તાત્કાલિક સારવાર માટે લાઠી સિવિલ હોસ્પિટલે ખસેડયા હતાં. જયાં ફરજ પરના તબીબે બંને બાળકોને મૃત જાહેર કર્યા હતા. જો કે બે પૈકી એક બાળકના વાલીઓને તબીબની વાત ઉપર વિશ્વાસ ના હોય જેથી અમરેલી દવાખાને લઈ ગયા હતાં.

લાઠી તાલુકાના આ ખોબા જેવડા ગામમાં એક સાથે બે પિતરાઈ ભાઈના ડુબી જવાના કારણે થયેલ મોતથી શોકનો માહોલ છવાયો છે.

### વિકાસ કાર્યો અંગે માર્ગદર્શન અપાયું
## બાબરા : પાલિકા કચેરીની શુભેચ્છા મુલાકાત લેતા પ્રાદેશિક કમિશનર
### પ્રમુખ અને કારોબારી ચેરમેને કર્યુ સ્વાગત

બાબરા, તા. ૮

ભાવનગર નગરપાલિકાઓના પ્રાદેશિક કમિશ્નર આર એચ સોલંકી દ્વારા નગરપાલિકા બાબરાની થોડા દિવસો પહેલા શુભેચ્છા મુલાકાત કરી શહેરમાં ચાલતા વિકાસના કામોની સ્થળ મુલાકાત કરી આગામી વિકાસના કામોની ચર્ચાઓ કરવામાં આવી હતી. બાબરા નગરપાલિકા કચેરી ખાતે પ્રાદેશિક કમિશનર આવતા પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર, ચીફ ઓફિસર નિકુંજ વ્હોરા, ઉપપ્રમુખ અંકુરભાઈ જસાણી, કારોબારી સમિતિના ચેરમેન અશ્વિનભાઈ મકવાણા દ્વારા પ્રાદેશિક કમિશ્નરનું ઉષ્માભર્યુ સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું.

પાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર દ્વારા માહિતી આપવા જણાવ્યું હતું કે નગરપાલિકા ભાવનગર ઝોન કક્ષાના પ્રાદેશિક કમિશ્નર આરએચ સોલંકી દ્વારા



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

પાલિકા કચેરી બાબરાની મુલાકાત કરી વહીવટી કામનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. તેમજ શહેરમાં ચાલતા વિકાસના કામ બ્લોગ રોડ, નલ છે જળ ફિલ્ટર પ્લાટ તેમજ નગરપાલિકાની કચેરી જે જગ્યાએ નવી બનવાની છે તે જમીનની સ્થળ મુલાકાત કરવામાં આવી હતી. રિવરફ્રન્ટ બનાવવાનું આયોજન થઈ રહ્યું છે તેમાં ત્વરિત મંજૂરી આ સિવાય શહેરને હરિયાળું બનાવવા માટે વધુમાં વધુ વૃક્ષારોપણ થાય તે દિશામાં પાલિકા કામ કરે તેવું સૂચન કરવામાં આવ્યું હતું.

તેમજ મેલડીમાં તળાવ અને રામપર ડેમને બ્યુટીફીકેશન માટે પણ પાલિકા પ્રમુખ દ્વારા રજુઆત કરવામાં આવતા કમિશ્નર દ્વારા હકારાત્મક અભિગમ દાખવ્યો હતો.

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૧૦ | ૧૧૭૫ |
| ૨ | શિંગ મોટી | ૧૦૨૦ | ૧૧૮૫ |
| ૩ | શિંગદાણા | ૧૨૦૦ | ૧૪૯૮ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૬૫૦ | ૧૩૦૧ |
| ૫ | તલ સફેદ | ૧૯૦૦ | ૨૫૨૨ |
| ૬ | તલ કાળા | ૨૮૫૫ | ૩૫૨૪ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૭૦૭ | ૩૪૯૬ |
| ૮ | બાજરો | ૩૦૦ | ૪૮૮ |
| ૯ | જુવાર | ૪૫૦ | ૮૬૮ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૦૦ | ૫૯૩ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૧૧ | ૫૭૦ |
| ૧૨ | મગ | ૧૫૨૫ | ૧૫૮૮ |
| ૧૩ | ચણા | ૧૨૨૫ | ૧૪૦૨ |
| ૧૪ | ચણા દેશી | ૧૩૩૫ | ૧૩૩૫ |
| ૧૫ | ચોળી | ૨૦૨૫ | ૨૦૨૫ |
| ૧૬ | તુવેર | ૧૫૦૦ | ૨૧૧૦ |
| ૧૭ | વાલ | ૧૬૩૦ | ૧૬૩૦ |
| ૧૮ | કપાસ | ૮૬૦ | ૧૫૫૬ |
| ૧૯ | એરંડા | ૧૧૪૦ | ૧૧૬૫ |
| ૨૦ | જીરૂ | ૩૯૦૦ | ૪૫૫૦ |
| ૨૧ | ધાણા | ૧૦૭૦ | ૧૨૮૦ |
| ૨૨ | અજમા | ૧૩૯૦ | ૨૭૦૦ |
| ૨૩ | સોયાબીન | ૮૧૮ | ૮૨૪ |
| ૨૪ | વરીયાળી | ૧૦૫૦ | ૧૦૫૦ |

પાના ૧ ઉપરનું ચાલું **જાફરાબાદનાં હેમાળ ગામ નજીક**

સીએન–૦૧૪૦ લઈને ઉનાથી ભાવનગર તરફ જતા હોય. ત્યારે વાહન ચાલક સરદારસિંહ બળવંતજી ઠાકોરે પોતાના હવાલાવાળી ફોરવ્હીલ કાર પુરઝડપે અને બેફીકરાયથી ચલાવી જાફરાબાદ તાલુકાના હેમાળ ગામે સ્કુલની પાસેના નેશનલ હાઈવે રોડ પર બેસેલ ગાયો માથે પોતાની ફોરવ્હીલ કાર ચડાવી દેતા ફોરવ્હીલ કાર ફંગોળાઈ જતા કારમાં બેસેલ બે વ્યકિતને સામાન્ય ઈજા પહોંચાડી તથા ગાયો જીવ નંગ–૨ મરણ ગયેલ તથા વાહનચાલક સરદારસિંહ બળવંતજી ઠાકોરે પોતે પોતાના માથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી પોતાનુ મોત નિપજાવી દીધાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૪૯૫ |
| ૨ | જીરૂ | ૪૧૦૦ | ૪૬૬૦ |
| ૩ | કપાસ | ૧૨૮૦ | ૧૫૩૨ |
| ૪ | ઘઉં લોકવન | ૪૮૪ | ૫૬૨ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૦૭ | ૬૦૦ |
| ૬ | બાજરો | ૪૨૨ | ૫૬૫ |
| ૭ | મગ | ૧૫૨૧ | ૧૫૫૦ |
| ૮ | ચણા | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ૯ | તુવેર | ૧૫૦૦ | ૧૬૯૭ |
| ૧૦ | મેથી | ૧૩૫૦ | – |
| ૧૧ | સોયાબીન | ૭૯૫ | – |

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૬૪ | ૧૫૨૬ |
| ૨ | જીરૂ | ૪૪૧૫ | ૪૫૨૫ |
| ૩ | ઘઉં | ૪૬૧ | ૫૧૯ |
| ૪ | તલ સફેદ | ૨૨૯૦ | ૨૩૭૦ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ચણા | ૧૨૦૦ | ૧૨૫૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૪૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૩૬ |
| ૪ | સોયાબીન | ૭૮૦ | ૮૦૨ |
| ૫ | તલ સફેદ | ૨૧૬૫ | ૨૩૮૨ |
| ૬ | ધાણા | ૧૨૦૦ | ૧૨૭૦ |
| ૭ | અડદ | ૧૪૧૫ | ૧૪૧૫ |
| ૮ | શીંગદાણા | ૧૦૦૦ | ૧૩૬૫ |
| ૯ | તુવેર | ૧૭૬૫ | ૧૭૬૫ |
| ૧૦ | બાજરો | ૩૬૫ | ૩૬૫ |

સંકુલ ધો.–૧૧ આર્ટસ – કોમર્સ – સાયંસ પ્રવેશ
KG થી PG સુધીનું નિવાસી ગર્લ્સ કેમ્પસ – Since 1997
★ આર્ટસ મનોવિજ્ઞાન – રાજ્યશાસ્ત્ર – સમાજશાસ્ત્ર – અર્થશાસ્ત્ર – ઈતિહાસ ભૂગોળ
★ કોમર્સ & સાયંસ બન્ને મિડીયમ – GM A & B ગ્રુપ – EM B ગ્રુપ
★ ધો.–૧૦ ગુજરાતી મિડીયમ ને ધો.–૧૧ કોમર્સ ઈંગ્લીશ મિડીયમ માં પ્રવેશ મળશે.
★ બહુજ વ્યાજબી ફીજ માં – વર્ષો થી સુવ્યવસ્થીત શિક્ષણ આપતી સંસ્થા
★ બોર્ડ માં A1 - A2 ગ્રેડમાં અગ્રેસર – યુનિવર્સિટી માં ટોપટેન માં અગ્રેસર
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ અમરેલી - Ad062

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૩૩૦ | ૨૩૮૦ |
| ૨ | કપાસ | ૧૨૮૦ | ૧૪૧૧ |
| ૩ | બાજરો | ૪૭૬ | ૫૨૩ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૬૬ | ૫૬૮ |
| ૫ | જુવાર | ૬૨૫ | ૭૩૮ |
| ૬ | મગ | ૧૬૩૨ | ૧૬૩૨ |
| ૭ | ચણા | ૧૪૧૫ | ૧૪૧૫ |

# લાઠી ખાતે ''હર ઘર તિરંગા'' યાત્રાને લઈને બેઠક યોજાઇ






કેન્દ્ર સરકાર દ્વારા તા. ૮ ઓગષ્ટથી ૧૫ ઓગસ્ટ દરમ્યાન સમગ્ર દેશમાં હર ઘર તિરંગા અભિયાનની ઉજવણી કરવામાં આવનાર છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં માર્ગદર્શન અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકાર દ્વારા પણ તા. ૮ થી ૧૫ ઓગષ્ટ દરમ્યાન સમગ્ર રાજયમાં ૭૮માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવશે. આ અભિયાન અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં રાજયના મુખ્ય ચાર શહેરો રાજકોટ, સુરત, વડોદરા અને અમદાવાદ ખાતે ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા. ૧૦ ઓગસ્ટના રોજ રાજકોટ, તા. ૧૧ ઓગષ્ટે સુરત, તા. ૧૨ ઓગષ્ટે વડોદરા અને તા. ૧૩ ઓગસ્ટે અમદાવાદ ખાતે તિરંગા યાત્રા યોજાશે. આ પ્રોગ્રામ ઉપરાંત રાજયની મહા નગરપાલિકાઓ, નગરપાલિકાઓ અને ૧૪,૨૯૨ ગ્રામ પંચાયતોમાં પણ આ તિરંગા યાત્રાની ઉજવણી થશે. આ યાત્રામાં રાજયભરની અંદાજે ૨,૨૦૦થી વધુ સંસ્થાઓ સહભાગી થશે. આ ઉપરાંત ખાસ કરીને બોર્ડરનાં ગામડાઓમાં ઘરો પર તિરંગા લહેરાવીને તિરંગા યાત્રા પણ યોજવામાં આવશે. રાજયમાં આ ઉજવણીમાં તમામ વિભાગ તેમજ જિલ્લા વહીવટી તંત્ર પણ સંકલનમાં રહીને કામગીરી કરી રહ્યું છે. ત્યારે લાઠી– બાબરાનાં ધારાસભ્ય જનકભાઈ તળાવિયા દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવા તેઓના લાઠી ખાતે આવેલ સમર્પણ કાર્યાલય ખાતે જિલ્લા પંચાયતના સદસ્યઓ, જિલ્લા ભાજપ સંગઠનના હોદ્દેદારઓ, તાલુકા ભાજપ સંગઠનના હોદ્દેદારઓ, લાઠી, બાબરા, દામનગર શહેર ભાજપ સંગઠનના હોદેદારઓ, યુવા ભાજપ સંગઠનના હોદ્દેદારઓ સાથે બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં ધારાસભ્ય દ્વારા જણાવવામાં આવેલ હતું કે આ કાર્યક્રમ દેશની આન–બાન અને શાન સમા ત્રિરંગાનું સ્થાન હંમેશા માટે સર્વોચ્ય શિખર પર રહે તેના માટેનો કાર્યક્રમ છે. જેથી પક્ષા–પક્ષીથી દૂર રહી દેશ હિત માટે સૌએ એક બની વહીવટીના સંકલનમાં રહી તિરંગા યાત્રાનું આયોજન કરવું મુખ્યમંત્રીનાં માર્ગદર્શન હેઠળ થઈ રહેલા આયોજનમાં આ વખતની ઉજવણીમાં હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત તિરંગા યાત્રા, તિરંગા રેલી, તિરંગા રન, તિરંગા કોન્સર્ટ, તિરંગા કેનવાસ, તિરંગા શપથ, તિરંગા સેલ્ફી, તિરંગા સન્માન તેમજ તિરંગા મેલા જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે. જેમાં લાઠી બાબરા અને દામનગર શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારના નાગરિકો, તમામ સંસ્થાઓ, શાળા, કોલેજોને મોટી સંખ્યામાં સહભાગી થવા ધારાસભ્ય જનકભાઈ તળાવિયાએ અહ્વવાન કર્યુ હતું.

# અમરેલી જિલ્લામાં અંદાજીત ૩૦૦ થી ૪૦૦ કરોડનાં ખર્ચે કામ શરૂ હોવા છતાં

# લ્યો બોલો : 'નલ સે જલ' યોજનાનાં કાર્યપાલકની જગ્યા ખાલી

**પાણી-પુરવઠા વિભાગનાં કાર્યપાલક ઈજનેર ૩૧ જુલાઈના રોજ વય મર્યાદાથી નિવૃત થયા હોય નવા કોઈ અધિકારી આવ્યા નથી**

**ઉચ્ચકક્ષાએ ખ્યાલ હોય છે કે મુખ્ય અધિકારી ક્યારે નિવૃત થવાનાં હોય અગાઉ કોઈ નિમણુંક કરાઈ નહી**

**કરોડો રૂપિયાના વિકાસ કાર્યોની જવાબદારી નાયબ કાર્યપાલક ઈજનેરને સૌંપવી કેટલી હિતાવહ**

**પાણી-પુરવઠા મંત્રી કુંવરભાઈ બાવળીયાએ તાત્કાલિક કાર્યપાલક ઈજનરેની ખાલી જગ્યા ભરવી જરૂરી**

અમરેલી, તા.૮

અમરેલી જિલ્લાનાં જુદા-જુદા તાલકુાનાં ગ્રામ્ય વિસ્તારોમાં રૂપિયા ૩૦૦ થી ૪૦૦ કરોડના ખર્ચે ''નલ સે જલ'' યોજના અંતર્ગત પાઈપલાનઈ લગાવવા જમીન સંપાદન, સમ્પ, ઓવરહેન્ડ ટેન્ક બનાવવા સહિતની કામગીરી શરૂ હોય અને તેની સઘળી જવાબદારી પાણી-પુરવઠા વિભાગનાં કાર્યપાલક ઈજનેરની હોય છે. અને હાલ અમરેલીમાં તે અધિકારીની જગ્યા ખાલી છે. અને નાયબ કાર્યપાલક ઈજનેરને ચાર્જ સોંપવામાં આવ્યો છે.

૩૧ જુલાઈનાં રોજ કાર્યપાલક ઈજનેર વયમર્યાદાથી નિવૃત થયાને ૮ દિવસ પસાર થયા છતાં નવા અધિકારીની નિમણુંક કરવામાં આવી નથી. હવે, પ્રશ્નએ ઉદ્ભવે છે કે ગાંધીનગર ખાતેથી વડી કચેરીનાં અધિકારીને ખબર હોય છે કે કયાં અધિકારી કઈ તારીખે નિવૃત થવાનાં છે. છતાં પણ મહત્વની ખાલી જગ્યા પડે તો તુરત જ કે અગાઉ કોઈ અધિકારીની નિમંણુક કરવી જોઈએ પણ તે થતું નથી.

જિલ્લામાં જનતાનાં પરસેવાનાં કરોડો રૂપિયાનાં ખર્ચે વિકાસ કાર્યો થતાં હોય તમામ કામગીરી નિયમ પ્રમાણે થાય, સરકારનો ઘરે-ઘરે પાણી પહોંચાડવાનો હેતુ સિદ્ધ થાય તે જોવાની જવાબદારી કાર્યપાલક ઈજનેરની હોય છે. અને તે જગ્યા ઈન્ચાર્જ અધિકારીથી ચાલે તે યોગ્ય ન હોય પાણી-પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ તાત્કાલિક અમરેલીની પાણી – પુરવઠા કચેરીમાં કાર્યપાલક ઈજનેરની નિમંણુક કરવી જોઈએ અને જિલ્લાના તમામ ધારાસભ્યો અને સાસંદે પણ આ મામલે દરમિયાનગીરી કરવી જરૂરી બની છે.

## પ્રમુખ ગોરધનભાઈ ઝડફીયાના હસ્તે ચેક અર્પણ

## રાજકોટનાં સદભાવના વૃધ્ધાશ્રમને જીઈબી એન્જી.એસો. દ્વારા ૫૧ લાખનું અનુદાન

**વૃધ્ધાશ્રમની કાર્યશૈલીની ભરપુર પ્રશંસા થઈ**



રાજકોટ, તા. ૮

રાજકોટ સર્વે કોર બોડી મેમ્બર્સ જીબીઆ બી.એમ.શાહ, જે.આર.શાહ., એ.ડી.હલાણી, એ.બી પ્રજાપતિ, બી.એ.પટેલ, એમ.એમ કડછા, ડી.પી.મોદી અને કે.બી.ચૌધરી દ્વારા રાજકોટ ખાતે સદભાવના વૃદ્ધાશ્રમની મુલાકાત લેવામાં આવેલ હતી. સદભાવના વૃદ્ધાશ્રમના સંચાલક વિજયભાઈ ડોબરીયા દ્વારા સંસ્થાની વિવિધ પ્રવૃતિઓ દરેકને વાકેફ કર્યા બાદ હાજર તમામે સંસ્થાની કામગીરી રૂબરૂ નિહાળેલ હતી. સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા ગુજરાતના અશકત – બિમાર સગા સ્નેહી-કુટુંબીજન ન ધરાવતા વૃધ્ધોને સાચવી – માવજત કરી તમામ સગવડતાઓ ઘરમાં અપાય તે રીતે આપવામાં આવે છે. આ બધું જ નજરે જોયા બાદ હાજર દરેકનું મન દ્રવિત થઈ ગયેલું હતું. હાલ વૃધ્ધાશ્રમ એક માલિકીના તેમજ ત્રણ ભાડાના બિલ્ડીંગમાં કાર્યરત છે. જેમનું નવા બિલ્ડીંગમાં કાર્યરત છે. જેમનું નવા બિલ્ડીંગનું પ્રગતિમાં છે. વિજયભાઈ ડોબરીયા દ્વારા અન્ય પ્રવૃતિઓ પણ કરવામાં આવે છે. ગુજરાતભરનાં વૃક્ષ ઉછેરવા, અકસ્માત થયેલ કુતરાઓની સારવાર અને સંભાળ રખડતા ભટકતા બળ દોની સાચવણી, પડતર કિંમતે મેડીકલ સ્ટોર સહિતની સેવાકીય પ્રવૃતિઓ પણ કરવામાં આવે છે. આ મુલાકાત દરમિયાન પી.જી.વી.સીએલ ના મુખ્ય ઈજનેર એન.સી. ઘેલાણી, ઈન્ચાર્જ મુખ્ય ઈજનેર બી.આર. વડાલીયા તથા જેટકોના અધિક મુખ્ય ઈજનેર એસ.જી. કાંજીયા, અધિક મુખ્ય ઈજનેર પી.કે.વરસડા ખાસ ઉપસ્થિત રહેલ હતાં. હાજર તમામ દ્વારા સદભાવના વૃદ્ધાશ્રમમાં યોગ્ય મદદ કરવાનો સંકલ્પ કરવામાં આવેલ હતો.

તા. ૦૫ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ ફરી એકવાર પુર્વ સેક્રેટરી જનરલ એચ.જી.વઘાસીયા, જનરલ સેક્રેટરી એમ.એમ.કડછા દ્વારા જીબીઆ પ્રમુખ ગોરધનભાઈ ઝડફીયાને સાથે રાખી સદભાવના વૃદ્ધાશ્રમના હાલના કાર્યરત અને નવા નિર્માણ પામી રહેલ બંને ભવનોની મુલાકાત કરવામાં આવેલ હતી. આશ્રિત વૃધ્ધોની સાથે વાતચીત અને સદભાવના વૃદ્ધાશ્રમની કામગીરી નજરે નિહાળ્યા બાદ ગોરધનભાઈ ઝડફીયા દ્વારા પ્રતિભાવ આપેલ કે "ઈશ્વરને કોઈએ જોવા હોય તો જીવતા મુર્તિમંત સદભાવના વૃધ્ધાશ્રમના વૃધ્ધોની મુલાકાત કરવી."

જીઈબી એન્જીનિયર્સ એસોએશન દ્વારા પ્રમુખ ગોરધનભાઈ ઝડફીયાના વરદ હસ્તે જીબીઆ ઈજનેર સભ્યોની બહોળી હાજરીમાં સદભાવના વૃદ્ધાશ્રમ-રાજકોટ રૂા. ૫૧ લાખનું અનુદાન અપર્ણ કરવામાં આવેલ હતું. અત્રે ઉલેખ્ખનીય છે કે સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા ૩૦૦ કરોડનાં ખર્ચે ૫૦૦ વડીલો સમાઈ શકે તેવું વૃદ્ધાશ્રમ રામપર ગામ, જામનગર રોડ, રાજકોટ ખાતે બની રહ્યું છે.

## ૯ ઓગસ્ટ, "ભારત છોડો આંદોલન દિવસ"



અમરેલી, તા. ૮

ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામનાં વખતમાં ઈ.સ.૧૯૪૨નાં દિને ગાંધીજી દ્વારા કરાયેલા આહવાન પર "ભારત છોડો" આંદોલનનો આરંભ થયો હતો. આ આંદોલન ભારત દેશનાં લોકોને તુરંત આઝાદ કરવા માટે અંગ્રેજી શાસન વિરૂધ્ધ એક નાગરિક અવજ્ઞા આંદોલન હતો.ક્રિપ્સ મિશનમાં વિફળ તા મળ્યા બાદ મહાત્મા ગાંધીએ બ્રિટીશ શાસનની વિરૂધ્ધમાં પોતાનું ત્રીજું મોટુ આંદોલન છેડવાનો ફૈસલો કર્યો હતો. ઓગસ્ટ ૧૯૪૨માં શરૂ થયેલા આ આંદોલનને 'અંગ્રજો ભારત છોડો' એવું નામ આપવામાં આવ્યુ હતું. આ આંદોલનમાં સમગ્ર દેશ શામેલ થયો હતો જેની અંગ્રેજ સરકાર પર ખુબ ઉંડી અસર પડી હતી. આ આંદોલન ભારતની આઝાદી માટે ખુબ મહત્વપૂર્ણ આંદોલન પુરવાર થયું હતું. આંદોલનની શરૂઆતમાં જ ગાંધીજીને તત્કાળ ગિરફતાર કરી લેવામાં આવ્યા હતા. આમ છતાં દેશભરના યુવા કાર્યકર્તાઓ હડતાળો અને તોડફોડ કરીને આંદોલન ચલાવતા રહ્યા હતા. સરકારી આંકડા મુજબ આ આંદોલનમાં ૯૦૦ લોકોએ જીવ ગુમાવ્યો હતો અને ૬૦ હજાર થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. અંગ્રેજોએ આ આંદોલનના પ્રતિરોધમાં અત્યંત સખ્ત વલણ અપનાવ્યું હતું. આમ છતાં આ વિદ્રોહને ડામવા માટે સરકારને એક વર્ષથી પણ વધારે સમય લાગ્યો હતો.ભારત દેશ આઝાદ થયો તેને સાડા સાત દાયકાઓ જેટલો સમય થઈ ગયો છે, કેટલાય લોકોનો ભોગ લેવાયો, રાષ્ટ્રમાં વસતા લોકોને એક સારી જિંદગી આપવા માટે આઝાદીનાં લડવૈયાઓએ અથાગ પ્રયત્નો કર્યા જેમાં "હિંદ છોડો" આંદોલને ખુબ અગત્યનો ભાગ ભજવ્યો છે.વસ્તુતઃ આ મહા ભોગે મળેલી આઝાદીનો આપણે કેવો અને કેટલો ઉપયોગ કરીએ છીએ તે વ્યકિતની પોતાની સમજ, શકિત અને વ્યવહાર પર નિર્ભર કરે છે. આઝાદીનાં આટલા વર્ષો પછી હજુ પણ આપણો દેશ ભ્રષ્ટાચાર, દુરાચાર, બેરોજગારી, મોંઘવારી, સતત પ્રદુષિત થતુ પર્યાવરણ જેવી બાબતોથી લઈને અતિ ગંભીર બીમારીઓ નો કરે રહ્યુ છે, આ કેટલે અંશે યોગ્ય છે ? આ તમામ બાબતો કેટલા સમય સુધી આમ જ અવિરત ચાલ્યા કરશે તેનો સંપૂર્ણ આધાર દેશનાં લોકો પર છે.જાગૃત જ સિધ્ધી મેળ વવાનું એકમાત્ર ઉપાય છે. હું જ કામ આમ કરૂ ? શું હું એકલો બદલાવ લાવી શકું છું ? મારા એકલાથી શું થઈ જશે ? આ તમામ વાતોને એક તરફ મુકીને ખરેખર કોઈ સચોટ દિશાની પસંદગી કરીને કાર્ય કરવું પડશે. આપણે એ કાયમ યાદ રાખવું જોઈએ કે દેશની આઝાદી માટેની લડત લડવા માટે સૌ પ્રથમ આગળ આવેલા ગાંધીજી પણ પહેલા એકલા જ હતા. આ ભારત છોડો આંદોલન દિવસ પર આપણે જાગૃત થઈને અને ભ્રષ્ટાચાર, દુરાચાર, મનની ખરાબીઓને છોડાવી જોઈએ અને મોંઘવારી, બેરોજગારી જેવા પડકારોનો દ્રઢતાથી સામનો કરવો જોઈએ.

## સોમનાથ મહાદેવને 'શ્રી ગણેશ દર્શન' શૃંગાર કરાયો



અમરેલી તા.૮

શ્રાવણ માસની શુકલ ચતુર્થી એટલે કે વિનાયક ચતુર્થી પર સોમનાથ મહાદેવને શ્રી ગણેશ શ્રૃંગાર કરવામાં આવ્યો હતો. શ્રી સોમનાથ જયોતિર્લિંગ પર ગણેશજીની પ્રતિકૃતિ તૈયાર કરી વિવિધ પુષ્પો, ચંદન સહિતના દ્રવ્યોથી મહાદેવને આભુષિત કરવામાં આવેલ. શ્રાવણ માસ ભગવાન શિવને સમર્પિત છે અને વિનાયક ચતુર્થી ગણેશજીનો આરાધના દિવસ છે. ત્યારે શ્રાવણ માસની વિનાયક ચતુર્થી પર સોમનાથ મહાદેવના ગણેશ દર્શન શૃંગારમાં બંને દેવતાઓના એક સાથે દર્શન કરવાનો વિશેષ લાભ ભાવિકોને મળ્યો હતો. જયોતિલિંગ પર શ્રી ગણેશ શૃંગારમાં મહાદેવ અને શ્રી ગણેશ બંનેના સંયુકત દર્શન મેળવવાથી ભકતોને દરેક કાર્યમાં સફળતા મળે છે. મહાદેવ દર્શનાર્થીના દરેક પાપ દુર કરે છે અને શ્રી ગણેશ તેમને અષ્ટ સિદ્ધિ અને નવનિધીના આશીર્વાદ આપે છે.

### જિલ્લા કલેકટર અજય દહિયાએ

## લીલીયાનાં ગોઢાવદર ખાતે દફતર ચકાસણી અને લોકપ્રશ્નો સાંભળ્યા

**ગામનાં સરપંચે વિવિધ પ્રશ્નો રજુ કર્યા**





લીલીયા,તા.૮

લીલીયાના ગોઢાવદર ખાતે કલેકટર અજય દહિયા દ્વારા ગોઢ ાવદર ગ્રામ પંચાયત કચેરી ખાતે ગ્રામસભા અને દફતર તપાસ સાથે લોકોના રૂબરૂ પ્રશ્નોના નીરાકરણ માટે ગ્રામ પંચાયત કચેરી ખાતે ગ્રામ સભાનું આયોજન કરવામાં આવેલ જેમાં

ગ્રામજનોની અને પંચાયત સદસ્યોની ઉપસ્થિતિમાં એક મિટિંગનું આયોજન કરવામાં આવેલ આ તકે સભ્યો દ્વારા ગામમાં ખૂટતી વિવિધ વ્યવસ્થા અને પાણી વિશેની ચર્ચા કરવામાં આવી ગ્રામ પંચાયત સભ્ય મનીષાબેન જયંતીભાઈ વિંઝુડા દ્વારા અનુસુચીત વિસ્તારમાં વર્ષો થી જે મફત પ્લોટ અને સ્મશાનમાં લાઈટની માંગણીનો કોટેશન વિશે રૂબરૂ પ્રશ્ન રજુ કરવામાં આવ્યા ત્યારે કલેકટરે પ્રશ્ન ૩૦ દિવસમાં કામગીરી થઈ જાય તેની ખાત્રી આપવામાં આવી. ગામના સરપંચ હિરાબેન ગોસાઈ દ્વારા સાધુ સમાજ માટે સ્મશાનની જગ્યા નીમ કરવા અંગેની માંગણી કરી, સાથે સાથે સ્કુલ અને આંગણવાડી, સસ્તા અનાજની દુકાનની મુલાકાત કલેકટર દ્વારા કરાઈ. આ તકે ઉપસ્થિત મામલતદાર દેસાઈ, તાલુકા વિકાસ અધિકારી તુષાર રાદડીયા, કિશોરભાઈ આચાર્ય, તાલુકા હેલ્થ ઓફિસર ડો.સિધ્ધપુરા, સી.ડી.પી.ઓ.ટી.એચ.એસ.એમ.એસ.માધડ મીનાબેન, સરપંચ હિરાબેન ગોસાઈ, સુરેશભાઈ ગજેરા, ધનસુખભાઈ નારોલા, જયંતીભાઈ વિંઝુડા, વિપુલભાઈ ગજેરા, ત.મંત્રી ચાવડા, ભરત વિંઝુડા, વિલાસ પરીબાપુ અને ગામ લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે ગ્રામજનો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### દ્વારકેશ પૂષ્ટીમાર્ગીય પાઠશાળાનાં ૧૦ વર્ષ પૂર્ણ થતા

## અમરેલીમાં શનિવારે કપોળવાડી ખાતે 'દશાબ્દી ઉત્સવ'નું સુંદર આયોજન

**ધાર્મિકજનોને સહપરિવાર પધારવા અનુરોધ**



અમરેલી, તા. ૮

આગામી તા. ૧૦/૮/૨૪ને શનિવાર શ્રાવણ સુદ છઠ્ઠના રોજ અમરેલીના કાપડ બજારમાં આવેલ કપોળ મહાજન વાડી ખાતે ''દશાબ્દી ઉત્સવ''નું ભવ્ય આયોજન કરેલ છે. આ દશાબ્દી ઉત્સવ અંતર્ગત પૂ.પા. મહારાજશ્રીના સાનિધ્યમાં ''પુષ્ટિ માર્ગીય અનુગ્રહ કવીઝ સ્પર્ધા''નું આયોજન તથા દ્વારકેશ પાઠશાળાની સૂક્ષ્મ સાંસ્કૃતિક ઝાંખી, પાઠશાળાના શિક્ષકો, સંચાલકો, સેવા આપનાર મહાનુભાવોનું અભિવાદન, તથા પૂ.પા. મહારાજશ્રીના દિવ્ય વચનામૃત થશે.

તો આ પુષ્ટિ ત્રિવેણી સંગમમાં ઉત્સવમાં સર્વે સહપરિવાર પધારવા અલૌકિક આનંદ પ્રાપ્ત કરવા સસ્નેહ નિમૃંણ દ્વારકેશ પુષ્ટિમાર્ગીય પાઠશાળા દશાબ્દી મહોત્સવ સમિતિ દ્વારા આપવામાં આવેલ છે.


## બગાયત ખાતાની વિવિધ સહાયનો લાભ મેળવવા તા.૧૫ ઓગસ્ટ સુધીમાં આઈ-ખેડુત પોર્ટલ પર અરજી કરવી

અમરેલી તા.૮

રાજયમાં બાગાયતી ખેતીના વિકાસ માટે ગુજરાત રાજય સરકાર દ્વારા વિવિધ પ્રોત્સાહક યોજનાઓ અમલી છે. ચાલુ વર્ષમાં ખેડુતો બાગાયત ખાતાની વિવિધ સહાય યોજનાઓનો લાભ સરળતાથી મેળવી શકે તે હેતુસર રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ માટે "GROW MORE FRUIT CROPS" અભિયાન શરૂ છે. આ અભિયાન અંતર્ગત ખેડુતો વધુમાં વધુ ફળ પાકોનું વાવેતર કરે તે આશયથી પપૈયા, ધનિષ્ઠ ખેતીથી વાવેલ ફળ પાકો, નાળિયેરી વાવેતર વિસ્તાર સહાય, ટીસ્યુ કલ્ચર ખારેક, ફળપાક પ્લાન્ટીંગ મટિરિયલ્સમાં સહાય, કોમ્પ્રિહન્સીવ હોર્ટીકલ્ચર ડેવલોપમેન્ટ કાર્યક્રમ, આંબા તથા જામફળ ફળ પાક ઉત્પાદકતા વધારવા, કમલમ ફળના વાવેતર માટે સહાય વધુ ખેતી ખર્ચ સિવાયના ફળ પાકો, સરગવાની ખેતીમાં સહાય ઉપલબ્ધ છે.રાજય સરકારના બાગાયત ખાતાની આ યોજનાઓનો લાભ મેળવવા આઈ-ખેડુત પોર્ટલ http://ikhedut. gujarat.gov.in પર તા.૧૫/૮/૨૦૨૪ સુધીમાં ઓનલાઈન અરજી કરવી. અરજી કરતી વખતે ખેડુત ખાતેદારે ૭, ૧૨, ૮-અ, બચત બેંક ખાતા, આધાર કાર્ડ તથા મોબાઈલ નંબરની વિગતો વગેરે પુરાવા સાથે રાખવા. ઓનલાઈન અરજી કર્યા બાદ અરજીની પ્રિન્ટ મેળવી જરૂરી સાધનિક કાગળો સાથે નાયબ બાગાયત નિયામક, બાગાયત ભવન, બાગાયત કચેરી, સરદાર ચોક, ચકકરગઢ રોડ, અમરેલી પિન નં.૩૬૫૬૦૧ પર મોકલવી. આ અંગેની વધુ વિગતો માટે બાગાયત કચેરીના ફોન નં (૦૨૭૯૨) ૨૨૩૮૪૪ પર સંપર્ક કરવો તેમ અમરેલી જિલ્લા નાયબ બાગાયત નિયામકે એક યાદીમાં જણાવ્યું છે.

# જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે 'હર ઘર તિરંગા' અભિયાન અને તિરંગા યાત્રાની આયોજન બેઠક મળી









રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાના સંકલ્પ સાથે વર્ષોથી પાર્ટીનાં કાર્યકર્તાઓ તમામ દેશવાસીઓ સાથે ખૂબ જ ઉત્સાહ અને પ્રતિબદધતા સાથે સમગ્ર દેશમાં વિવિધ કાર્યક્રમો દ્વારા હર ઘર ત્રિરંગા અભિયાન અને ત્રિરંગા યાત્રા દ્વારા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરતા આવ્યા છીએ. તો આ વર્ષે પણ દેશમાં યશસ્વી વડાપ્રધાન માન. નરેન્દ્રભાઈ મોદીજીએ મન કી બાત કાર્યક્રમની ૧૧૨મી આવૃત્તિમાં કહ્યુ કે, મારા વ્હાલા દેશવાસીઓ, ૧૫મી ઓગષ્ટનો દિવસ દૂર નથી અને હવે તો ૧૫મી ઓગષ્ટની સાથે એક બીજુ હર ઘર ત્રિરંગા અભિયાન પણ જોડાયેલ છે. છેલ્લા કેટલાક વર્ષોથી ''હર ઘર ત્રિરંગા અભિયાન'' માટે દરેક દેશવાસઓને ઉત્સાહ તેની પરીકાષ્ઠાએ છે. ગરીબ હોય, અમીર હોય, નાનુ ઘર હોય કે આલીશાન ઘર હોય, દરેક વ્યકિત ત્રિરંગો ફરકાવીને ગર્વ અનુભવે છે. ત્રિરંગાની સાથે સેલ્ફી લઈને સોશ્યીલ મીડીયા પર પોસ્ટ કરવાનો ક્રેઝ છે. આપણે જોયુ છે કે, કોઈ કોલોની કે સોસાયટીમાં એક ઘર પર ત્રિરંગા લહેરાય છે. તે પછી જોત જોતામાં બીજા ઘરો પર પણ ત્રિરંગા લહેરાતા જોવા મળે. એનો અર્થ એ થયો કે, હર ઘર ત્રિરંગા અભિયાન ત્રિરંગાની આન-બાન-શાન સાથેનો અનોખો ઉત્સવ બની ગયેલ છે અને તેમા ભાત-ભાતની નવીનતા પણ ઉમેરાતી જાય છે. ૧૫મી ઓગષ્ટ આવતા સુધી તો ઘરોમાં, ઓફિસના સ્થળે, વ્હીકલો પર ત્રિરંગો લગાવવા માટે વિવિધ પ્રકારના ઉત્પાદનો પણ દેખાય છે. કેટલાક લોકો તેમના મિત્રો અને પડોશીઓને પણ ત્રિરંગોનું વિતરણ કરે છે. ત્રિરંગા માટેનો આ ઉત્સાહ અને ઉમંગ આપણને એકબીજા સાથે જોડે છે. રાષ્ટ્રધ્વજ તમામ પોસ્ટ ઓફિસો તેમજ અન્ય વેચાણ કેન્દ્રો પર તો મળશે જ તેમજ ભારતીય જનતા પક્ષ દ્વારા દરેક શકિતકેન્દ્રો અને દરેક બૂથમાં પણ રાષ્ટ્રધ્વજ ઉપલબ્ધ થાય તે માટે આજ રોજ અમરેલી જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે ગુજરાત વિધાનસભાના મુખ્ય નાયબ દંડક અને અમરેલી વિધાન સભાના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાના આધ્યક્ષતામાં બેઠક મળી જેમાં તારીખ ૧૩થી ૧૫ ઓગષ્ટ દરમિયાન અમરેલી જિલ્લાના તમામ ગામોમાં ''હર ઘર ત્રિરંગા' અભિયાન યોજાય તે હેતુથી ધારાસભ્ય જે.વી. કાકડિયા, ધારાસભ્ય જનકભાઈ તળ ાવીયા, અમરેલી જિલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયા, પીઠાભાઈ નકુમ, મેહુલભાઈ ધોરાજીયા, ''હર ઘર ત્રિરંગા'' કાર્યક્રમના ઈન્ચાર્જ જલ્પેશભાઈ મોવલીયા, વિપુલભાઈ દુધાત, જિલ્લા ભાજપના હોદેદાર ઓ. મંડળના પ્રમુખ મહામંત્રી, અભિયાનના સંયોજક- સહ સંયોજકો, તાલુકા પંચાયતના પ્રમુખ અને ટીમ નગરપાલિકા પ્રમુખ અને ટીમ, તેમજ સોસીયલ મીડિયા ઈન્ચાર્જ – સહ ઈન્ચાર્જ ઉપસ્થિત રહી અમરેલી જિલ્લા ભરમાં ''હર ઘર ત્રિરંગા'' અભિયાન તેમજ ત્રિરંગા યાત્રાને સફળ બનાવવા બેઠકનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

## બંને બિલ્ડીંગ પડવાનાં વાંકે ઉભા હોય ગમે તે સમયે થશે ધરાશાયી

# રાજમહેલ અને પાલિકા કચેરીનાં જુના મકાનનું રીનોવેશન કયારે ?


જિલ્લાનાં ઐતિહાસિક ગણાતા રાજમહેલનું રીનોવેશન કરીને મ્યુઝિયમ બનાવવાનું નકકી તો થયુ, કામ શરૂ થતું નથી

ડો. જીવરાજ મહેતા ચોકમાં આવેલ પાલિકાનાં જુના મકાનમાં જીવનાં જોખમે વેપારીઓ બેસી રહ્યા છે

ભારે વરસાદ કે પવન ફુંકાશે તો બંને બિલ્ડીંગ ધરાશાયી થશે તો જવાબદારી કોણ લેશે

શહેરીજનોએ વિકાસની જાહેરાતો બહુ જ સાંભળી પણ વિકાસ કયાંય દેખાતો નથી





અમરેલી, તા. ૮

અમરેલી શહેરમાં આવેલ "રાજમહેલ" અને ડો. જીવરાજ મહેતા ચોકમાં આવેલ પાલિકાનું જુનુ મકાન પડવાનાં વાંકે છેલ્લા એકથી દોઢ દાયકાથી ઉભું છે અને બંને બિલ્ડીંગનાં અવારનવાર કાંગરા ખરી રહ્યા હોય રાજમહેલનું રીનોવેશન અને પાલિકાનાં જુના બિલ્ડીંગને તોડી પાડીને તે જ સ્થળે આધુનિક બાંધકામ સાથે શોપિંગ સેન્ટર બનાવવામાં આવે તો બિલ્ડીંગમાં નીચે બેસતા વેપારીઓ અને શહેરની રોનક વધશે અને પાલિકાને પણ નાણાનો લાભ મળશે.

અમરેલીમાં ગાયકવાડ સ્ટેટનાં વખતમાં બનેલ "રાજમહેલ"માં આઝાદી બાદ કોર્ટ, કલેકટર અને પોલીસ અધિક્ષકની કચેરી કાર્યરત રહ્યા બાદ

અનુસંધાન પાના ૬ ઉપર

### સારંગભાઈની મંડળીનાં ઉચાપત કેસમાંથી નીકળી જવાનું કહીને

## બગસરાનાં માણેકવાડા ગામનાં એડવોકેટ ઉપર ર અજાણ્યા ઈસમોએ કર્યો હુમલો

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૮

બગસરા તાલુકાના માણેકવાડા ગામે રહેતા અને વકીલાત કરતાં અજયભાઈ જેન્તીભાઈ પટોળીયા નામનાં ર૭ વર્ષિય યુવકને કોર્ટમાં મુદત હોય. જે મુદત પુર્ણ કરી તા. ૭ ના રોજ ૧:૩૦ વાગ્યે પોતાના ગામ માણેકવાડા જતા હતા. તે દરમ્યાન બગસરા બાયપાસ જેતપુર રોડ મામાદેવના મંદિર પાસે બે કોઈ અજાણ્યા પુરૂષો મોટર સાયકલ લઈને આવેલ અને એમના મોઢા ઉપર રૂમાલ બાંધેલ હોય તથા મોટર સાયકલ પાછળ સુર્યનુ સ્ટીકર મારેલ હોય જેઓએ વકીલ યુવકને ઉભા રાખી પાછળ બેઠેલ અજાણ્યા માણસે લાકડાના ધોકા વડે યુવકને ડાબા હાથે એક ઘા મારી તથા અજાણ્યા મોટર સાયકલ ચાલકે તેમના હાથમાં રહેલ લાકડાના ધોકા વડે યુવકને જમણા હાથે માર મારી યુવક પડી જતા બંનેએ ધોકા વડે મૂંઢ માર મારી દાબા હાથની છેલ્લી આંગળીનુ હાડકુ ભાંગી ફેકચર કરી બંને અજાણ્યા માણસોએ યુવકને ગાળો આપી તું સારગભાઈની મંડળીના ઉચાપતા કેસમાંથી હટી જા તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

### જ્ઞાતિ, જાતિ અને ધર્મના નામે કોંગ્રેસે દેશનાં ભાગલા પાડવાનો નિષ્ફળ પ્રયાસ કર્યોના આક્ષેપ સાથે

## અમરેલી જિલ્લાનાં દિગ્ગજ નેતા દિલીપ સંઘાણીએ 'વકફ બોર્ડ' કાયદામાં સંશોધનને આવકાર્યુ

### ''વકફ બોર્ડ'' કાયદાને રદ કરવામાં આવે તે જરૂરી હોવાનું જણાવ્યું

અમરેલી, તા. ૮

અમરેલી જિલ્લાનાં દિગ્ગજ નેતા અને પુર્વ સાસંદ અને ઈફકોનાં વર્તમાન ચેરમેન દિલીપ સંઘાણીએ લોકસભામાં રજુ થયેલ 'વકફ બોર્ડ' સંશોધન બિલને આવકાર્યુ હતું.

તેઓએ એક નિવેદનમાં જણાવેલ છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં આપ સંખ્યક મંત્રી કિરણ રિજિયાએ લોકસભામાં રજુ કરેલ વકફ

અનુસંધાન પાના ૬ ઉપર



### હાઈવે ઉપર અડિંગો જમાવતાં પશુઓ

## જાફરાબાદનાં હેમાળ ગામ નજીક માર્ગ અકસ્માતમાં ર ગાય અને ૧ વ્યકિતનું મોત

### અન્ય ર વ્યકિતઓને પણ સામાન્ય ઈજા

અમરેલી, તા. ૮

મહેસાણા તાલુકાના વિરતા ગામે રહેતા બાબરસિંહ નાગજીભાઈ ઠાકોર તથા વાહન ચાલક સરદારસિંહ બળવંતજી ઠાકોર તથા પુનમસિંહ ઝાલા એમ ત્રણેય તા. ૬ ના રાત્રે ૯ વાગ્યાના દરમ્યાન ફોરવ્હીલ ગાડી નં. જી.જે.–૦પ

અનુસંધાન પાના ૬ ઉપર


પવિત્ર શ્રાવણ માસ નિમીતે અમરેલીના માનવંતા ગ્રાહકો માટે

મેગા એક્ષચેન્જ ઓફર

તારીખ 6-8-2024 થી 2-9-2024 સુધી...

કોઈપણ કંપનીનું જુનું ફ્રીઝ, વોશીંગ મશીન તથા ઘરઘંટી એક્ષચેન્જ કરાવી

₹3000* સુધી ફાયદો મેળવો

SAMSUNG · LG · BOSCH · BPL · IFB · MITSUBISHI ELECTRIC · NATRAJ · Kelvinator · Micro

₹ 10,000 ની ખરીદી પર સોનાની ફ્રી ગીફ્ટ*

SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION | EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES

અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ

રામ એન્ટરપ્રાઈઝ

હોટેલ અવધ પાસે, માર્કેટ યાર્ડ રોડ, અમરેલી. ફોન: ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૬૮૭૦૧૪૦૦૦



ક્રિષ્ના ડાઈનીંગ હોલ

અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...

ફુલ ગુજરાતી થાળી

સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ

પાર્સલ સુવિધા ઉપલબ્ધ

અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.

પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬

જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧

: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ

ફોરીયા રોડ, ભોજલપરા, અમરેલી.

રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૮૨



હવે આપની ગોળ હોસ્પિટલ અમરેલીમાં.....

ડો. રાજેન્દ્ર ત્રિવેદીનો ૩૯ વર્ષોનો ન્યુરો સ્પાઇન ક્ષેત્રે અનુભવ તથા ડો. પુનિત ત્રિવેદીના આધુનિક મેડિકલ સાયન્સનો ડબલ જનરેશન એડવાન્ટેજ



ડૉ.પુનિત ત્રિવેદી

MS DNB (Neurosurgery)

ફેલો ઈન એપિલેપ્સી, બ્રેઈન એન્ડોસ્કોપી એન્ડ સ્કલ બેઇઝ સર્જરી, મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત સર્જન

- માથાની ઇજા
- બ્રેઈન હેમરેજ
- ટ્રાઈજેમીનલ ન્યુરાલ્જીયા
- પક્ષઘાત (સ્ટ્રોક)
- એપિલેપ્સીની સારવાર તથા સર્જરી
- મગજ કે કરોડરજ્જુની ગાંઠ
- પિચ્યુટરીની ગાંઠ
- માથાનો દુ:ખાવો (માઇગ્રેન)
- મગજમાં પાણીનો ભરાવો (હાઇડ્રોસેફેલસ)
- મગજની નસમાં મોરલી (એન્યુરીઝમ)
- મણકા અને કરોડરજ્જુની નસની તકલીફો

તારીખ : ૦૯/૦૮/૨૦૨૪ (શુક્રવાર)

એપોઈન્ટમેન્ટ માટે : ૯૯૭૮૯૬૬૬૨૯

સમય : સવારે ૧૦:૩૦ થી બપોરે ૧૨:૩૦ સુધી.

સ્થળ : નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ (ગોળ હોસ્પિટલ) ચિત્તલ રોડ, અમરેલી

તપાસ ફી ૬૦૦/-

NETRA CHIKITSA TRUST

MULTI SPECIALITY HOSPITAL

Managed by Netra Chikitsa Trust Amreli


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)